णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી ભુવનભાનુસૂરિ-જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૪૬

નવનિર્મિત 'પ્રવ્રજ્યોપનિષદ્' ગુર્જરવૃત્તિવિભૂષિત
અજ્ઞાતપૂર્વાચાર્યવિરચિત

# પ્રવ્રજ્યાવિધાનપ્રકરણ

(સાનુવાદ પ્રવ્રજ્યાવિધાન કુલક તથા
સજ્જનચિત્તવલ્લભ સાથે)

-: ગુર્જરવૃત્તિનવસર્જન + અનુવાદ + સંપાદન :-
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય
પ.પૂ. આચાર્યદેવ
શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજ

वंसिअ सुहेण छिज्जइ कड्ढिज्जइ दुक्करं कुडंगाओ ।
पव्वज्जा सुहगहिआ सीलभरो दुव्वहो होइ ॥
પ્રવ્રજ્યા અંગે પૂર્વાચાર્યોનું અણમોલ માર્ગદર્શન

પ્રકાશક :
શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

| | | |
|---|---|---|
| **મૂળ કૃતિ** | : | પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ (પ્રાકૃત ૩૨ શ્લોકો)<br>પ્રવ્રજ્યાવિધાન કુલક (સંસ્કૃત ૨૮ શ્લોકો)<br>સજ્જનચિત્તવલ્લભ (સંસ્કૃત ૨૫ શ્લોકો) |
| **મૂળ કૃતિકાર** | : | અજ્ઞાત ઉપકારી પૂર્વાચાર્ય પ.પૂ. શ્રીમલ્લિષેણસૂરિજી<br>(પ.પૂ. પરમાનન્દસૂરીશ્વરજી મહારાજા) |
| **નવનિર્મિત ગુર્જર વૃત્તિ** | : | પ્રવ્રજ્યોપનિષદ્ |
| **ગુર્જરવૃત્તિ નવસર્જન + સંપાદન** | : | પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ<br>શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય<br>પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મ. |
| **વિષય** | : | પ્રવ્રજ્યા ભૂમિકા - સ્વરૂપ - ફળ |
| **વિશેષતા** | : | તદન નાની કૃતિમાં ૧૦ દ્વારોના માધ્યમે પ્રવ્રજ્યા પર વિશદ પ્રકાશ પાથરતો ગ્રંથ. મુમુક્ષુ-નૂતનદીક્ષિત માટે વિશેષ પરિશીલનીય છે. |

- વિ.સં. ૨૦૬૬ • **પ્રતિ :** ૫૦૦ • **આવૃત્તિ :** પ્રથમ • **મૂલ્ય :** રૂા. ૮૦-૦૦
- **પ્રકાશક :** શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
  E-mail : jinshasan_108@rediffmail.com

**© શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

આ પુસ્તકના કોઈપણ અંશનો ઉપયોગ કરતા પૂર્વે લેખક તથા પ્રકાશકની લેખિત મંજૂરી મેળવવી જરૂરી છે. આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.

- **પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

  **મુંબઈ :** શ્રી ચંદ્રકુમારભાઈ સી. જરીવાલા, દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ, નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

  શ્રી અક્ષયભાઈ જે. શાહ, ૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે, સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

  **પાટણ :** શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી, ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે, પાટણ, ઉ.ગુ. ફોન : ૨૩૧૬૦૩

  **અમદાવાદ :** શ્રી બાબુભાઈ, સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫.

  ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com

## સુકૃત સહયોગી

# શ્રી
# ત્રિલોકચિંતામણિ
# પદ્મનગર જૈન સંઘ
## અંધેરી (ઈસ્ટ), મુંબઈ.

જ્ઞાનનિધિ સદ્‌વ્યયની ભૂરી ભૂરિ અનુમોદના

અનુમોદના

અભિનંદન

ધન્યવાદ

## ....................अगाराओ अणगारियं

લોકથી લોકોત્તર તરફની યાત્રા

આત્માથી પરમાત્મા તરફની યાત્રા

માલિન્યથી વિશુદ્ધિ તરફની યાત્રા

એનું જ નામ પ્રવ્રજ્યા. **માનવજીવનનો એક જ સાર, સંયમ વિના નહીં ઉદ્ધાર. સોના કરતા મોંઘુ શું ? સંયમ સંયમ.** આવા અનેક નારાઓ નાનકડા બાળકથી માંડીને વૃદ્ધોના મુખે રમી રહ્યા છે. **ચારિત્ર વિણ નહિ મુક્તિ રે** આવી પંક્તિઓનું હજારો શ્રોતાઓ શ્રવણ કરી રહ્યા છે. ગામડાનો અભણ માણસ પણ ભોળે ભાવે મહાત્માઓને કહે છે કે, ‘‘સાચો તો તમારો જ પંથ છે હો બાપુ ! તમે ફાવી ગયા અને અમે રહી ગયા.’’

પણ પ્રવ્રજ્યા ઉપાદેયતાનું જ્ઞાન જેટલાને છે, તેના સોમા ભાગને પણ પ્રવ્રજ્યાના સ્વરૂપ આદિનું જ્ઞાન હશે કે નહીં એ પ્રશ્ન છે. આ વિષય ઉપર હજારો-લાખો શ્લોકો પ્રમાણ સાહિત્ય પણ કદાચ ઓછું પડે, પણ ઉપકારી પૂર્વાચાર્યોએ સંક્ષિપ્ત રુચિ જીવો પર કૃપા કરીને આ વિષય પર અલ્પ પ્રમાણમાં ગ્રંથોની પણ રચના કરી છે. જેમાંના ત્રણ ગ્રંથો નવનિર્મિત વૃત્તિ અને અનુવાદ સાથે પ્રસ્તુત થઈ રહ્યા છે.

પરમકૃપાળુ પરમાત્મા તથા પરમોપકારી ગુરુદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની કૃપાથી આ સર્જન તથા સંપાદન સંપન્ન થયું છે. ભરત ગ્રાફિક્સ - શ્રી ભરતભાઈના પ્રયત્નોથી ટાઈપ સેટીંગ આદિ કાર્ય કુશળતાથી પાર પડેલ છે.

અધિકારી વાચક વર્ગ આ પ્રબંધના અધ્યયન દ્વારા પ્રવ્રજ્યાનું પરિપાલન કરે, પ્રવ્રજ્યાનું પારમાર્થિક ફળ પામે એ જ શુભાભિલાષા સાથે વિરમુ છું. જિનાજ્ઞાવિરુદ્ધ આલેખન થયું હોય તો મિચ્છામિ દુક્કડમ્. ક્ષતિનિર્દેશ કરવા બહુશ્રુતોને નમ્ર પ્રાર્થના.

**ચૈત્રી પૂનમ,**
**વિ.સં. ૨૦૬૬,**
**શ્રી શંખેશ્વર મહાતીર્થ**

**પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ**
**આચાર્યદેવ શ્રીમદ્વિજય**
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો**
**ચરણકિંકર આચાર્ય**
**વિજય કલ્યાણબોધિસૂરિ**

## શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
હ. લીનાબેન ચંદ્રકુમારભાઈ જરીવાલા - મુંબઈ.

(૨) શ્રી મૂળીબેન અંબાલાલ શાહ પરિવાર
હ. રમાબેન પુંડરીકભાઈ શાહ, ખંભાત - મુંબઈ.

(૩) શ્રી નયનબાળા બાબુભાઈ જરીવાલા પરિવાર
 હ. શોભનાબેન મનીશભાઈ જરીવાલા - મુંબઈ

(૪) શ્રી સાયરકંવર યાદવસિંહજી કોઠારી પરિવાર
 હ. મીનાબેન વિનયચન્દ્ર કોઠારી

**આપ પણ રૂા. ૧૧ લાખ આપીને**
**શ્રી જિનશાસન સુકૃત મુખ્ય આધારસ્તંભ બની શકો છો.**

## શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ

(૧) શ્રી કમળાબેન કાંતિલાલ શાહ પરિવાર
હ. બીનાબેન કીર્તિભાઈ શાહ (ઘાટકોપર-સાંઘાણી)

**આપ પણ રૂા. ૫ લાખ આપીને**
**શ્રી જિનશાસન સુકૃત આધારસ્તંભ બની શકો છો.**

## શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ

(૧) શ્રી અઠવાલાઈન્સ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને
શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

**આપ પણ રૂા. ૧૧ લાખ આપીને**
**શ્રી શ્રુતોદ્ધાર મુખ્ય આધારસ્તંભ બની શકો છો.**

## શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ

(૧) શ્રી માટુંગા શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ
(૨) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ

(૩) શ્રી મનફરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - મનફરા
પ્રેરક : કચ્છ-વાગડ દેશોદ્ધારક અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના પાટપ્રભાવક વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મહારાજા

(૪) શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ - મુંબઈ

(૫) શ્રી નવજીવન શ્વે.મૂ. જૈન સંઘ - મુંબઈ

(૬) નડિયાદ શ્રી શ્વે.મૂ. જૈન સંઘ - નડિયાદ

(૭) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી પાવાપુરી તીર્થ જીવમૈત્રી ધામ

**આપ પણ રૂા. ૫ લાખ આપીને**
**શ્રી શ્રુતોદ્ધાર આધારસ્તંભ બની શકો છો.**

## શ્રુતસમુદ્ધારક

૧) ભાણબાઈ નાનજી ગડા, મુંબઈ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજયહિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ.સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂ. મ.સા.ની પ્રેરણાથી)

૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬) નયનબાલા બાબુભાઈ સી. જરીવાલા હા. ચંદ્રકુમાર, મનીષ, કલ્પનેશ (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭) કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાલા ટ્રસ્ટ, દાદર, મુંબઈ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ, મુંબઇ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી શાંતાક્રુઝ શ્વેતા. મૂર્તિ તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઇ. (પ.પૂ. આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૧૧) શ્રીદેવકરણ મૂલજીભાઇ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજ શ્રી સંયમબોધિવિ. મ. સા.ની પ્રેરણાથી)

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ., પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પન્નાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ-૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિરાજશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગલ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરૂચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદજી જૈન પેઢી, પિંડવાડા. (સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ. (પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ.
(પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ. (પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ. શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતા. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઇ.

૨૫) શ્રી જીવિત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિ. મ.સા. તથા મુનિરાજશ્રી મહાબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાલ તપગચ્છ જૈન સંઘ, ખંભાત. (વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઈ-૪૦૦ ૦૦૭.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં. ૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે જ્ઞાનનિધિમાંથી)

૨૯) શ્રીસીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઇ), મુંબઈ. (મુનિરાજશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પ.પૂ. મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાલા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨. (પ. પૂ. મુનિરાજ શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત. (પૂ.પં. શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાલા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ. (મુનિરાજશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગાવ, મુંબઈ. (પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત. (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા., પૂ. પ્ર. સા. શ્રી ઈંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથા સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઈ. (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી જયસુંદરવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, ૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી.
(પ.પૂ.આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨) શ્રી કોઈમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઈમ્બતુર.

૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)

૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ. (પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ.સા. તથા પૂ.પં. શ્રી અક્ષયબોધિવિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૫) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.

૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિપૂજક જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ. (પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની સંઘમાં થયેલ ગણિ પદવીની અનુમોદનાર્થે)

૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પૂ. મુનિરાજશ્રી સત્યસુંદર વિ. મ.સા.ની પ્રેરણાથી)

૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ, મુંબઇ. (પ્રેરક-પૂ. મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)

૪૯) શ્રી મરીન ડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ મુંબઇ.

૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઇ (પ્રેરક-મુનિરાજ શ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)

૫૧) શ્રી ગોવાલીયા ટૅંક જૈન સંઘ મુંબઇ. (પ્રેરક : પૂ. ગણિવર્યશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર આરાધક સંઘ, બાણગંગા, મુંબઇ.

૫૩) શ્રી વાડિલાલ સારાભાઇ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઇ (પ્રેરક : મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસ શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ. (પ્રેરકઃ પૂ. ગણિવર્ય શ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ. (પ્રેરક-મુનિરાજશ્રી રાજપાલવિજયજી તથા પં.શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા સા. શ્રી સુશીલયશાશ્રીના પાર્લા (ઈ) કૃષ્ણકુંજમાં થયેલ ચોમાસાની આવકમાંથી.

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, દેવાસ, અમદાવાદ (પ્રેરક-પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ.)

૫૮) શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ, સમારોડ, વડોદરા (પ્રેરક-પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૫૯) શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ-કોલ્હાપુર (પ્રેરક-પૂ.મુનિરાજશ્રી પ્રેમસુંદરવિજયજી મ.)

૬૦) શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે. મૂ. પૂ. સંઘ, અમદાવાદ (પ્રેરક - પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી પુણ્યરત્નવિજયજી ગણિ)

૬૧) શ્રી દિપક જયોતિ જૈન સંઘ, કાલાચોકી, પરેલ, મુંબઈ (પ્રેરક - પૂ.પં. શ્રી ભુવનસુંદરવિજયજી ગણિવર્ય તથા પૂ.પં. શ્રી ગુણસુંદરવિજયજી ગણિવર્ય)

૬૨) શ્રી પદ્મમણિ જૈન શ્વેતાંબર તીર્થ પેઢી - પાબલ, પુના (પ. પૂ. પંન્યાસજી શ્રી કલ્યાણબોધિવિજયજી ગણિની વર્ધમાન તપની સો ઓળીની અનુમોદનાર્થે પ. પૂ. પંન્યાસ શ્રીવિશ્વકલ્યાણવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬૩) ૐકારસૂરીશ્વરજી આરાધના ભુવન - સુરત (પ્રેરક- આ. ગુણરત્નસૂરિ મ. ના શિષ્ય મુનિરાજશ્રી જિનેશરત્નવિજયજી મ.)

૬૪) શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, નાયડુ કોલોની, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ.

૬૫) શ્રી આદીશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ગોરેગાવ-મુંબઈ.

૬૬) શ્રી આદીશ્વર શ્વેતાંબર ટ્રસ્ટ, સાલેમ(પ્રેરક-પ.પૂ. ગચ્છાધિપતિ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.)

૬૭) શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ.

૬૮) શ્રી વિલેપાર્લા શ્વે. મૂ.પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ.

૬૯) શ્રી નેનસી કોલોની જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

૭૦) માતુશ્રી રતનબેન નરસી મોનજી સાવલા પરિવાર. (પૂ. પં. શ્રી કલ્યાણબોધિવિજયજીના શિષ્ય મુનિરાજશ્રી ભક્તિવર્ધનવિજયજી મ. સા. તથા પૂ. સાધ્વીજી શ્રી જયશીલાશ્રીજી મ. ના સંસારી સુપુત્ર રાજનની પુણ્યસ્મૃતિ નિમિત્તે હ. : સુપુત્રો નવીનભાઈ, ચુનીલાલ, દિલીપ, હિતેશ.

૭૧) શ્રી સીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ.) મુંબઈ (પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭૨) શ્રી ધર્મવર્ધક શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૭૩) શ્રી ઉમરા જૈન સંઘની શ્રાવિકાઓ (જ્ઞાનનિધિમાંથી) (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી જિનેશરત્નવિજયજી મ.સા.)

૭૪) શ્રી કેશરિયા આદિનાથ જૈન સંઘ, ઝાડોલી, રાજ. (પ્રેરક : પ.પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. તથા પં. શ્રી હિરણ્યબોધિ વિ. ગ.)

૭૫) શ્રી ધર્મશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, કાંદીવલી, મુંબઈ (પ્રેરક : પ.પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)

૭૬) શ્રી જૈન શ્વે. મૂ. સુધારાખાતા પેઢી, મહેસાણા.

૭૭) શ્રી વિક્રોલી સંભવનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, વિક્રોલી (ઈ), મુંબઈની આરાધક બહેનો તરફથી (જ્ઞાનનિધિમાંથી)

૭૮) શ્રી કે.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત, મુંબઈ. (પ્રેરક - પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભ. શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પંન્યાસપ્રવર શ્રી કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય)

૭૯) શાહ જેસિંગલાલ મોહનલાલ આસેડાવાલાના સ્મરણાર્થે હ. પ્રકાશચંદ્ર જે. શાહ (આફ્રિકાવાળા) (પ્રેરક : પં. કલ્યાણબોધિ વિ. ગણિવર)

૮૦) શેઠ કનૈયાલાલ ભેરમલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ચંદનબાળા, વાલકેશ્વર, મુંબઈ.
૮૧) શ્રી નવા ડીસા શ્વે.મૂ.પૂ. જૈન સંઘ (બનાસકાંઠા)
૮૨) શ્રી પાલનપુર જૈન મિત્ર મંડળ સંઘ, બનાસકાંઠા (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર કલ્યાણબોધિ વિજયજી ગણિવર્ય.)
૮૩) શ્રી ઉંઝા જૈન મહાજન (પ્રેરક - પૂ. પંન્યાસપ્રવર શ્રી અપરાજિતવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજ શ્રી હેમદર્શનવિ. મ.)
૮૪) શ્રી સીમંધર જૈન દેરાસર, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (પૂર્વ), મુંબઈ.
(પ્રેરક - પૂ.સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજીના શિષ્યા પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી આદિ)
૮૫) શ્રી બાપુનગર શ્વે. મૂ. જૈન સંઘ, અમદાવાદ.
૮૬) શ્રી શેફાલી જૈન સંઘ, અમદાવાદ.
૮૭) શાન્તાબેન મણિલાલ ઘેલાભાઈ પરીખ ઉપાશ્રય, સાબરમતી, અમદાવાદ. (પ્રેરક- સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.)
૮૮) શ્રી આડેસર વિશા શ્રીમાળી જૈન દેરાવાસી સંઘ (પ્રેરક - આ. શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.)
૮૯) શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા એવં શ્રી શ્રેયસ્કર મંડલ, મહેસાણા.
૯૦) શ્રી તપાગચ્છ સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી, વિરમગામ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૧) શ્રી મહાવીર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, વિજયનગર, નારણપુરા, અમદાવાદ
૯૨) શ્રી સીમંધરસ્વામિ જૈન સંઘ, અંધેરી (પૂર્વ) (પ્રેરક : સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ.)
૯૩) શ્રી ચકાલા શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૪) શ્રી અઠવાલાઈન્સ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ તથા શ્રી ફૂલચન્દ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત
૯૫) શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ - સંસ્થાન, બ્યાવર (રાજસ્થાન) (પ્રેરક : આ. શ્રી પુણ્યરત્નસૂરીશ્વરજી મ.સા.)
૯૬) પાલનપુરનિવાસી મંજૂલાબેન રસિકલાલ શેઠ (હાલ, મુંબઈ), (પ્રેરક : આ. શ્રી કલ્યાણબોધિસૂરીશ્વરજી મ.)
૯૭) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.જૈન સંઘ, પદ્માવતી એપાર્ટમેન્ટ, નાલાસોપારા (ઈ), (પ્રેરક : પૂ.પા.આ.શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.)
૯૮) શ્રી ઋષભ પ્રકાશભાઈ ગાલા, સંઘાણી ઘાટકોપર (વે.), (પ્રેરક : પૂ.પા.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી)
૯૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક ટ્રસ્ટ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી (પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આ.દે. શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોની સ્મૃતિમાં)
૧૦૦) શ્રી કુંદનપુર જૈન સંઘ, કુંદનપુર - રાજસ્થાન, હ. શ્રી શાંતિલાલજી મુથા.

**શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું**

# *જ્ઞાનામૃતં ભોજનમ્...*

પરિવેષક

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આ. **હેમચન્દ્રસૂરીશ્વર** શિષ્ય

આ. **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મ.સા.

૧. **સિદ્ધાન્તમહોદધિ મહાકાવ્યમ્** - સાનુવાદ.

૨. **ભુવનભાનવીયમ્ મહાકાવ્યમ્** - સાનુવાદ, સવાર્તિક.

૩. **સમતાસાગર મહાકાવ્યમ્** - સાનુવાદ.

૪. **પરમપ્રતિષ્ઠા કાવ્યમ્** - સાનુવાદ, કલાત્મક આલ્બમસાથે.

૫. **જીરાવલીયમ્ કાવ્યમ્** - સાનુવાદ.

૬. **પ્રેમમંદિરમ્** - કલ્યાણમંદિર પાદપૂર્તિ સ્તોત્ર-સાનુવાદ, સવાર્તિક.

૭. **છંદોલંકારનિરૂપણમ્** - કવિ બનવાનો શોર્ટકટ-પોકેટ ડાયરી.

૮. **તત્ત્વોપનિષદ્** -

૯. **વાદોપનિષદ્** -

૧૦. **વેદોપનિષદ્** -

૧૧. **શિક્ષોપનિષદ્** -

} શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિકૃત ષષ્ઠી, અષ્ટમી, નવમી, અષ્ટાદશી દ્વાત્રિંશિકા પર સંસ્કૃત વૃત્તિ - સાનુવાદ.

૧૨. **સ્તવોપનિષદ્** - શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ તથા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત અદ્‌ભુત સ્તુતિઓના રહસ્ય -સાનુવાદ.

૧૩. **સત્ત્વોપનિષદ્** - યોગસાર ચતુર્થપ્રકાશવૃત્તિ - સાનુવાદ. (માત્ર સંયમી ભગવંતો માટે)

૧૪. **દેવધર્મોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત દેવધર્મપરીક્ષા ગ્રંથની ગુર્જર ટીકા.

૧૫. **પરમોપનિષદ્** - મહોપાધ્યાય શ્રીયશોવિજયજી આદિ કૃત પાંચ પરમકૃતિઓ પર ગુર્જરવૃત્તિ,

| | |
|---|---|
| **૧૬. આર્ષોપનિષદ્-૧** <br> **૧૭. આર્ષોપનિષદ્-૨** | શ્રી પ્રત્યેકબુદ્ધપ્રણીત ઋષિભાષિત (ઈસિભાસિયાઈ) આગમસૂત્ર પર સંસ્કૃત ટીકા. |
| **૧૮. વૈરાગ્યોપનિષદ્** | શ્રી હરિહરોપાધ્યાયકૃત ભર્તૃહરિનિર્વેદ નાટક-ભાવાનુવાદ. |
| **૧૯. સૂક્તોપનિષદ્-** | પરદર્શનીય અદ્ભુત સૂક્તોનો સમુચ્ચય તથા રહસ્યાનુવાદ. |
| **૨૦. કર્મોપનિષદ્-** | સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી કૃત કર્મસિદ્ધિ ગ્રંથ પર ભાવાનુવાદ. |
| **૨૧. વિશેષોપનિષદ્-** | શ્રી સમયસુંદર ઉપાધ્યાયજી કૃત વિશેષ-શતક ગ્રંથ પર ગુર્જર ભાવાનુવાદ. |
| **૨૨. હિંસોપનિષદ્-** | શ્રી હરિભદ્રસૂરિકૃત સ્વોપજ્ઞ અવચૂરિ અલંકૃત હિંસાષ્ટક ગ્રંથ પર ગુર્જર ટીકા. |
| **૨૩. અહિંસોપનિષદ્-** | અજ્ઞાતકર્તૃક (પ્રવાદતઃ શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત) નાનાચિત્તપ્રકરણ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ. |
| **૨૪. ધર્મોપનિષદ્-** | વેદથી માંડીને બાઈબલ સુધીના ધર્મશાસ્ત્રોના રહસ્ય. |
| **૨૫. શમોપનિષદ્-** | નવનિર્મિત સપ્તક પ્રકરણ - સાનુવાદ. |
| **૨૬. લોકોપનિષદ્-** | શ્રી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણય ગ્રંથ પર સંસ્કૃત વૃત્તિ (ભાગ-૧). |
| **૨૭. આત્મોપનિષદ્-** | શ્રી ઉદયનાચાર્યકૃત આત્મતત્ત્વવિવેક ગ્રંથ પર ગુર્જર ટીકા (ભાગ-૧). |
| **૨૮. સામ્યોપનિષદ્-** | મહો. શ્રી યશોવિજયજી કૃત સમાધિ - સામ્યદ્વાત્રિંશિકા સચિત્ર સાનુવાદ. |
| **૨૯. આગમોપનિષદ્-** | વિસંવાદપ્રકરણ (આગમપ્રતિપક્ષનિરાકરણ) પર વિશદ વિવરણ. |

૩૦. **સ્તોત્રોપનિષદ્** - શ્રી વજસ્વામિકૃત શ્રી ગૌતમસ્વામીસ્તોત્ર -સચિત્ર સાનુવાદ.

૩૧.-૩૨. **દર્શનોપનિષદ્** - શ્રી માધવાચાર્યકૃત સર્વદર્શનસંગ્રહ ગ્રંથ પર ગુર્જર ટીકા. ભાગ : ૧-૨

૩૩-૩૪-૩૫. **રામાયણના તેજ કિરણો** - રામાયણી માટે પર્યાપ્ત આલંબન. ભાગ-૧-૨-૩.

૩૬. **જ્ઞાનોપનિષદ્** - અષ્ટાવક્ર ગીતા પર સંસ્કૃત વૃત્તિ.

૩૭.-૩૮. **સંબોધોપનિષદ્** સટીક શ્રી રત્નશેખરસૂરિકૃત સંબોધસપ્તતિ ગ્રંથ પર ગુર્જરવૃત્તિ. ભાગ : ૧-૨

૩૯. **ઈષ્ટોપનિષદ્** - શ્રી પૂજ્યપાદસ્વામિકૃત ઈષ્ટોપદેશ ગ્રંથ પર સંસ્કૃત ટીકા-સાનુવાદ.

૪૦.-૪૧. **વિમોહોપનિષદ્** - શ્રી યશપાલમંત્રીકૃત મોહરાજપરાજય નાટક પર વિષમપદ વ્યાખ્યા અને અનુવાદ. ભાગ : ૧-૨

૪૨. **શ્રામણ્યોપનિષદ્** - દશવિધ યતિધર્મ પર નવનિર્મિત પ્રકરણ (બીજું નામશ્રમણશતક).

૪૩. **સફળતાનું સરનામું** - સફળતાની ઈચ્છુક વ્યક્તિએ વાંચવા યોગ્ય ગુર્જર ગ્રંથ.

૪૪. **પ્રસન્નતાની પરબ** - વક્તા-શ્રોતા બન્નેને ઉપયોગી વૈરાગ્યાદિ રસઝરણા.

૪૫. **સૂત્રોપનિષદ્** - શ્રીસૂત્રકૃતાંગસૂત્ર દ્વિતીય શ્રુતસ્કંધની સંસ્કૃત સંગ્રહણી. શ્રી સૂત્રકૃતાંગદીપિકા ભાગ-૨ ના પુનઃસંપાદન સાથે.

૪૬. **પ્રવ્રજ્યોપનિષદ્** - અજ્ઞાતકર્તૃક પ્રવ્રજ્યાવિધાન પર ગુર્જર વૃત્તિ.

૪૭. **દેશનોપનિષદ્** - વૈરાગ્યદેશનાદક્ષ પૂ. ગુરુદેવશ્રીના વાચનાઓનું સંસ્કૃત કાવ્યમય અવતરણ.

૪૮. **જીરાવલા જુહારીએ** - ગીત ગુંજન.

૪૯. **અસ્પર્શોપનિષદ્** - મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત અસ્પૃશદ્ગતિવાદ પર ગુર્જર વૃત્તિ.

૫૦. **હિતોપનિષદ્** - અધ્યાત્મકલ્પદ્રુમના યતિશિક્ષોપદેશાધિકાર તથા યતિશિક્ષા-પંચાશિકા પર ગુર્જર વાર્ત્તિક+સાનુવાદ સાવચૂરિ યતિવિચાર.

૫૧. **ઉપદેશોપનિષદ્** - ઉપદેશરત્નકોષ પર સંસ્કૃતવૃત્તિ-સાનુવાદ.

૫૨. **પ્રાર્થનોપનિષદ્** - અલંકારિક સ્તુતિઓ પર તાત્પર્યવૃત્તિ-સાનુવાદ.

૫૩. **સદ્બોધોપનિષદ્** - સદ્બોધચન્દ્રોદય પંચાશિકા પર સંસ્કૃત સાનુવાદ વાર્ત્તિક.

૫૪.
૫૫. } **અંગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ
શ્રી અંગચૂલિકાસૂત્ર પર સંસ્કૃત વૃત્તિ
ભાગ-૧-૨

૫૬. **વર્ગોપનિષદ્** - અદ્યાવધિ અમુદ્રિત ગ્રંથ
શ્રી વર્ગચૂલિકાસૂત્ર પર સંસ્કૃત વૃત્તિ.

૫૭. **આગમની આછી ઝલક**

૫૮. **જૈનં જયતિ શાસનમ્** - બુદ્ધિજીવીઓને અવિશ્વસનીય જૈન સિદ્ધાન્તોની આધુનિક પ્રસંગો દ્વારા સિદ્ધિ.

૫૯. **આજ આનંદ ભયો** - અંજનશલાકા-સ્ટેજ પ્રોગ્રામમાટે આલંબન.

૬૦. **પંચકોપનિષદ્** - શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત **જ્ઞાનપંચક-વિવરણ** ગ્રંથ પર નૂતન સંસ્કૃત વૃત્તિ.

| | | |
|---|---|---|
| ૬૧. | **અવધૂતોપનિષદ્-** | શ્રી દત્તાત્રેય અવધૂત પ્રણીત **અવધૂતગીતા**ની મનનીય સૂક્તિઓ પર નૂતન સંસ્કૃત વૃત્તિ. |
| ૬૨. | **દુઃષમોપનિષદ્-** | દુઃષમગંડિકા ગ્રંથ પર વિશદ વૃત્તિ. |
| ૬૩. | **પ્રથમોપનિષદ્-** | પ્રથમવાર પ્રકાશિત થતી વિશિષ્ટ કૃતિઓ, રત્નાકરપંચવિંશતિકા-પ્રાચીન ટીકા, વન-સ્પતિસપ્તતિકા-સાવચૂરિ, જંબૂ અધ્યયન, ગિરનારતીર્થપ્રતિષ્ઠા પ્રશસ્તિ. |
| ૬૪. | **અર્હન્નામસહસ્રસમુચ્ચય** | - કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યરચિત કૃતિ-સચિત્ર સંપાદન. |
| ૬૫. | **ઉપાસનોપનિષદ્-** | પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા કૃત ધૂમાવલિ + સર્વજિનસાધારણસ્તવન આ બે વિશિષ્ટ કૃતિઓ-સચિત્ર સાનુવાદ. |
| ૬૬. | **સુખોપનિષદ્-** | પરમસુખપ્રાપ્તિરૂપ ચિત્તશુદ્ધિફળ, સચિત્ર-સાનુવાદ. |
| ૬૭. | **દયોપનિષદ્-** | જીવદયા પ્રકરણ પર નૂતન સંસ્કૃત વૃત્તિ-સાનુવાદ |
| | **બોટિકોપનિષદ્-** | અદ્યાવધિ અમુદ્રિત કૃતિઓ બોટિક-પ્રતિષેધ, બોટિકનિરાકરણ, બોટિકોચ્ચાટન, દિગંબર-મતવિચાર દિગંબરમતખંડનના સંકલન સાથે અનેક પ્રાચીન ગ્રંથોના આધારે દિગંબર મતની સમીક્ષા. |
| | **આચારોપનિષદ્-** | શ્રી દેવસુંદરસૂરિકૃત સામાચારી પ્રકરણ પર વિશદવૃત્તિ. |

● વિવાહચૂલિકા ● અજીવકલ્પ ● જીવસંખ્યા પ્રકરણ ● સમ્યક્ત્વ પંચવિંશતિકા ● નિશાભોજન પ્રકરણ ● બ્રહ્મસિદ્ધાન્તસમુચ્ચય ● સમ્યક્ત્વ સ્વરૂપ

શ્રીભુવનભાનુસૂરિ
100
જન્મ શતાબ્દી વર્ષ

યુગો સુધી ઝળહળશે ભુવનભાનુના અજવાળા ☆ જન્મશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ ☆



વૈરાગ્યવારિધિ
તિતિક્ષામૂર્તિ
અધ્યાત્મયોગી
અપ્રમત્તસાધક
નિર્યામણાનિપુણ
ન્યાયવિશારદ
સંઘહિતચિંતક
વર્ધમાન તપોનિધિ
સુવિશાળ ગચ્છાધિપતિ
ગુરુકૃપાપાત્ર
સુવિશુદ્ધસંયમી
પ્રવચનપ્રભાવક
અનેકાંતદેશનાદક્ષ
શ્રેષ્ઠશ્રમણશિલ્પી
શિબિર આદ્યપ્રણેતા
બાળદીક્ષાસંરક્ષક
અપ્રતિમ પ્રભુભક્ત
અદ્ભુત ગુણાનુરાગી
નિર્દોષચર્યાચારી
સર્વતોમુખી પ્રતિભાસ્વામી


૧૯૬૭ — ૨૦૬૭

સૂરિ પ્રેમના જમણા હાથ સમાન

પરિષહોમાં ય પરમ સમતા

# સમતાસાગર પં. શ્રી પદ્મવિજયજી ગણિવર્ય

વિરાટ સમુદાય સંયમ શિલ્પી




નિરીહતાનિરધિ

કલિકાળના એક મહાસાધક

## સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી વર્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ

શાસ્ત્રસમુદ્રના પારગામી

કેન્સરની યાતનામાં ય માસક્ષમણની સાધના

તિતિક્ષાની એક પરાકાષ્ઠા

# अथ प्रशस्तिः

श्रीमते वीरनाथाय, कारूण्यपुण्यपाथसे ।
चरमतीर्थनाथाय, परोपकारिणे नमः ।।१।।

गौतमस्वामिने स्वस्ति, सुधर्मस्वामिने नमः ।
तत्परम्परयाऽऽयात-यतीन्द्रेभ्यो नमो नमः ।।२।।

शुभ्राभ्रशुभ्रसन्तत्या-मेतस्यामभवत् किल ।
विजयानन्दसूरीशः, सुरीशसेव्यतां गतः ।।३।।

ततोऽपि कमलः सूरिः, संयमकमलाकरः ।
उपाध्यायस्तथा वीरो, वीर आन्तरविग्रहे ।।४।।

सर्वागमरहस्यज्ञ-स्ततो दानसूरीश्वरः ।
ततोऽपि प्रेमसूरीशः, सिद्धान्तैकमहोदधिः ।।५।।

भुवनभानुसूरीश-स्ततो न्यायविशारदः ।
पंन्यासोऽस्यानुजः पद्मः, समतारससागरः ।।६।।

विराजते विनेयोऽस्य, मादृशेषु कृपापरः ।
वैराग्यदेशनादक्षः, श्रीहेमचन्द्रसूरिपः ।।७।।

तत्पादपङ्कजालिना, सूरिकल्याणबोधिना ।
सन्दृब्धोऽयं प्रबन्धस्तु, कुर्यात् सर्वस्य मङ्गलम् ।।८।।



अथ प्रव्रज्योपनिषद्वृत्तिविभूषितम्

# प्रव्रज्याविधानम् प्रकरणम्

**લોકાગ્રગત ભગવંત સર્વ સિદ્ધને વંદન કરે,**
**સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને,**
**ને જ્ઞાન દર્શનને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે,**
**એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.**

અનાદિ સંસારની આ ભયાનક યાત્રા. તેમાંથી મુક્તિ મેળવવાનો એક માત્ર ઉપાય છે પ્રવ્રજ્યા. પણ એ પ્રવ્રજ્યાનો પાયો મજબૂત હોવો જોઈએ, એની પીઠિકા અડગ હોવી જોઈએ, એની ઈમારત વાવાઝોડાઓને ય ન ગણકારે એવી હોવી જોઈએ, બસ, પછી તો આ ઈમારતના એક પછી એક માળ ચણાતા જાય, સંયમ શ્રેણિના ઉત્તરોત્તર વિશુદ્ધતર-વિશુદ્ધતર સ્થાનોની સ્પર્શના થતી જાય, અને પરિણામે પરમપદની પ્રાપ્તિ થઈ ને જ રહે.

પણ સબૂર, જો પાયો જ કાચો હોય, પીઠિકામાં જ પોલાણ હોય, ઈમારત જ પત્તાના મહેલ જેવી હોય, તો એવી પ્રવ્રજ્યા પરમપદ ન અપાવી શકે. અરે, એવી પ્રવ્રજ્યા તો કદાચ ભવભ્રમણનું જ કારણ બની જાય.

પ્રવ્રજ્યાનો પાયો છે તીવ્ર વૈરાગ્ય, પ્રવ્રજ્યાની પીઠિકા છે પ્રવ્રજ્યાના સ્વરૂપનું પરિપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ ગુરુપારતંત્ર્ય, પ્રવ્રજ્યાની ઈમારત છે પંચાચારનું પરિપાલન.

આ જ પ્રક્રિયાને એક ઉપકારી પૂર્વાચાર્યે એક નાનકડા પ્રકરણમાં વણી લીધી છે, જેનું નામ છે પ્રવ્રજ્યાવિધાન. આ પ્રકરણમાં દશ અધિકારો છે. તે આ પ્રમાણે છે–

(૧) મનુષ્યપણાની દુર્લભતા.

(૨) બોધિની દુર્લભતા.

(૩) પ્રવ્રજ્યાની દુર્લભતા.

(૪) પ્રવ્રજ્યાના સ્વરૂપનું પ્રકાશન.

(૫) પ્રવ્રજ્યા કષ્ટસાધ્ય છે, તેની સમજૂતી.

(૬) ધર્મના ફળનું દર્શન.

(૭) વ્રતનું નિર્વાહકપણું. (સ્વીકૃત વ્રતનું પરિપાલન).

(૮) જેમણે વ્રતનો નિર્વાહ કર્યો છે, તેમની અનુમોદના.

(૯) મોહરૂપી વૃક્ષનો ઉચ્છેદ.

(૧૦) ધર્મસર્વસ્વની દેશના.



આ ધર્મ પ્રકરણમાં દશ દ્વારનું વિવેચન કરવામાં આવ્યું છે. જે આ દશ દ્વારોમાંથી પસાર થાય, તેના વાંચન... મનન મંથન દ્વારા તેનાથી ઓળઘોળ થઈ જાય. તે પુણ્યાત્મા અલ્પ કાળમાં જ પરમપદનો આસામી બની જાય, એમાં કોઈ શંકા નથી. પંચસૂત્રમાં પણ પ્રવ્રજ્યાનો જે ક્રમ બતાવ્યો છે, તેમાં પણ ગર્ભિત રીતે એવો સંકેત કરાયો છે કે વૈરાગ્ય આદિ પાયો વગેરે જો સબળ હોય તો જ પ્રવ્રજ્યાની ઈમારત મજબૂત થઈ શકે, અને પોતાના પ્રયોજનને સાકાર કરી શકે. પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ષોડશક પ્રકરણમાં જણાવ્યું છે કે જે પ્રવ્રજ્યાના પાયામાં લોકોત્તર જ્ઞાન નથી એ પ્રવ્રજ્યાનું ગ્રહણ પારમાર્થિક સાધુતા બક્ષી શકતું નથી. જેમ હોળીનો રાજા માત્ર નામનો જ રાજા હોય છે. રાજ્ય વગેરે કશું જ તેની પાસે હોતું નથી. તેથી જ તે હાસ્યાસ્પદ થાય છે. એ જ રીતે લોકોત્તર જ્ઞાનરહિત શ્રમણ પણ હાસ્યાસ્પદ થાય છે. વાસ્તવમાં તો એ દીક્ષાનો અધિકારી જ નથી. આ રહ્યા તે શબ્દો -

अस्मिन् सति दीक्षायास्तत्त्वतोऽधिकारी भवति सत्त्वः ।
इतरस्य पुनर्दीक्षा वसन्तनृपसन्निभा ज्ञेया ॥ ११-१ ॥

તો હવે શરૂઆત કરીએ પાયાથી.

પ્રસ્તુત પ્રકરણકારે પ્રગટપણે મંગલ કર્યું નથી. કારણ કે આ પ્રકરણનો અર્થ મહાન હોવા છતાં પણ સૂત્રથી આ પ્રકરણનું કદ નાનું છે. માટે પ્રકરણકારે મનથી જ ઈષ્ટદેવતાને નમસ્કાર કર્યા છે.

મુક્તિસુખનું મુખ્ય કારણ છે મનુષ્યપણું. તેથી પહેલી ગાથા દ્વારા મનુષ્યપણાની દુર્લભતા કહે છે -

संसारविसमसायरभवजलपडिआणं संसरंताणं ।
जीवाण कहवि जह होइ जाणपत्तंव मणुअत्तं ॥१॥

**સંસાર એ વિષમ સાગર છે. આ ભવજળમાં પડેલા ભટકતા જીવોને કોઈ રીતે જાણે વહાણની જેમ મનુષ્યપણાની પ્રાપ્તિ થાય છે. ॥૧॥**

સંસાર એ એક વિષમ દરિયો છે. એને વિષમ કહેવાનું કારણ એ છે કે હોડી મળી જાય તો ય તેને તરી જવો કઠીન હોય છે. આ દરિયામાં અન્ય-અન્ય જન્મ એ જ પાણી છે. આ પાણીમાં પડેલા જીવો આમતેમ ભટકે છે. તેમ ભટકતા ભટકતા કોઈ પણ રીતે ખૂબ જ મુશ્કેલીથી વહાણસમાન મનુષ્યપણું પ્રાપ્ત થાય છે.

મુશ્કેલીથી એટલા માટે કે તેમાં અત્યંત ભયંકર મોહરૂપી દુર્દિન હોય છે. દુર્દિન એટલે વાદળિયા



વાતાવરણવાળો દિવસ. આવા દિવસે અંધારું હોય. ધૂંધળું વાતાવરણ હોય. એમાં ય દરિયામાં જ્યારે આવું વાતાવરણ સર્જાય ત્યારે નાવિકો-યાત્રિકો દિઙ્મૂઢ થઇ જાય, મુંઝવણમાં મુકાઈ જાય, શું કરવું એ સૂઝે નહીં. સંસારસાગરમાં મોહરૂપી દુર્દિન હોય છે. મોહને કારણે સંસાર-સાગરને પાર કરવાની દિશા સૂઝતી નથી. અરે, બલ્કે ભ્રમથી વિપરીત દિશા સૂઝે છે.

સંસારસાગરમાં પ્રબળ પવનો ફૂંકાઈ રહ્યા છે, જેનું નામ છે વિષયો. જો કોઇ રીતે કોઇ ખરી દિશામાં ગતિ કરવા જાય, તો ય ઘડીના છટ્ઠા ભાગમાં તેને ક્યાં ના ક્યાં ફંગોળી દે, બિચારો યાત્રિક !

**જાવું'તું ઉગમણીએ ને, આથમણી દિશાએ જઈ રે ચડ્યા..**
**અમે ભવના મુસાફિર ભૂલા રે પડ્યા..**

આ ઘાટ ઘડાઈ જાય.

આટલું ઓછું હોય , તેમ આ સંસાર-સાગરમાં મોટા મોટા મોજા ઉછળી રહ્યા છે, જેમનું નામ છે નવા નવા મનોરથો. આ જોઈએ ને આ ન જોઈએ, આ ગમે ને આ ન ગમે, અહીં જવું છે ને અહીં નથી જવું, આવા નિત નવા મનોરથો જીવડાને સતાવી રહ્યા છે. પરેશાન

કરી રહ્યા છે. બિચારો જીવડો દુઃખી તો ઘણો થાય છે, પણ દુઃખનું કારણ જાણી શકતો નથી. મનોરથો ફળે તો હું સુખી થાઉં, આ વિચાર તો એને સતત આવ્યા કરે છે. પણ જો મનોરથ હોય જ નહીં તો હું કેટલો સુખી હોઉં એ વિચાર તેને કદી આવતો જ નથી. એક હિંદુ ગ્રંથમાં મજાની વાત કહી છે–

इष्टं च मे स्यादितरं च न स्यादेतत्कृते कर्मविधिः प्रवृत्तः ।
इष्टं चानिष्टं च न मां भजेतेत्येतत्कृते योगविधिः प्रवृत्तः ॥

ક્રિયાકાંડનું પ્રયોજન એ જ છે કે મારું ઈષ્ટ થાઓ અને અનિષ્ટ ન થાઓ, પણ યોગમાર્ગનું પ્રયોજન તો એ જ હોય છે કે મને ઈષ્ટ અને અનિષ્ટ જેવી વસ્તુ જ ન રહો.

આ બધા વિચારો-મનોરથો એ જ તો સંસારના પ્રાણવાયુ છે. સંકલ્પ વિકલ્પો છે, ત્યાં સુધી સંસાર છે...

यावच्चिन्ताऽस्ति जन्तूनां तावद् भवति संसृतिः ।
यथेन्धनसनाथस्य स्वाहानाथस्य वर्धनम् ॥

જ્યાં સુધી જીવોને ચિંતા છે, ત્યાં સુધી સંસાર છે. જેમ કે જ્યાં સુધી ઈંધણ હોય ત્યાં સુધી અગ્નિ વધે છે.



દરિયામાં ભયંકર જળચરો હોય છે. તેમની શક્તિ એવી હોય કે આખે આખા વહાણને ઉથલાવી દે. આખે આખી હોડીને ગળી જાય. યા તો હોડીમાં બાકોરું પાડી દે, પછી તો હોડી હોય કે ન હોય બધું સરખું થઈ જાય. અરે, 'મારી પાસે તો હોડી છે, મારે શું ફિકર ?' આવી બેદરકારીથી પેલો ગાફેલ રહે, અને ઉલ્ટો વધારે ડૂબે, રે.. જળચર... તું ખરેખર ગજબ કરે છે. સંસારસાગરમાં ભયાનક જળચર છે, જેનું નામ છે, કામદેવ. હોડી એટલે વ્રતનિયમ, કામદેવ આ હોડીને ઉથલાવી દે, એનો કોળિયો કરી જાય, એમાં બાકોરું પાડી દે.. બિચારો જીવ.. જવું હતું તીરે, પહોંચી જાય તળિયે.. એ પણ જોતજોતામાં.. જાણે આંખના પલકારામાં. મનુષ્યપણારૂપ હોડીને પણ કામદેવ ડુબાડી દે છે. જીવને છેક એકેન્દ્રિયપણા સુધી પટકી દે છે. આ કામદેવ દુર્નિવાર છે. એનું નિવારણ કરવું સહેલું નથી.

દરિયામાં આવર્તો હોય છે, આવર્તો એટલે પાણીની ભમરીઓ, એક વાર આ ભમરીમાં કોઈ પણ વસ્તુ આવે એટલે તેને ગોળ ગોળ ફરીને જળસમાધિ લીધે જ છૂટકો, સંસારસાગરમાં આવર્તો છે- ક્રોધ, માન, માયા અને લોભ.

મગરમચ્છ જેવા ઉત્કટ રાગદ્વેષો છે. મોટા મોજાઓ જેવી દુઃખની પરંપરા છે. વડવાનળ જેવું દુર્ધ્યાન છે, જે વારંવાર જીવને દઝાડતું રહે છે. વળી વચ્ચે વચ્ચે વેલડીઓ છે, જેનું નામ છે મમતા, એ ડગલે ને પગલે નડતી રહે છે. નેતરની ઝાડી જેવા છે કુવિકલ્પો, જેમાં જીવ અટવાતો રહે છે. મોટા માછલા જેવા છે રોગો. આ એક એક નિમિત્તો એવા છે, કે જેઓ હોડીના ફાડિયા કરી નાખે. આ નિમિત્તોથી સંસારસમુદ્ર વિષમ છે. આ રીતે પ્રથમ દ્વાર કહ્યું.

દુર્લભ એવું મનુષ્યપણું મળી જાય, તો ય તેનાથી ય દુર્લભ જે વસ્તુ છે તે હવે બીજા અને ત્રીજા દ્વારમાં જણાવે છે–

तत्थवि बोही जिणदेसिअंमि धम्मंमि निक्कलंकंमि ।
पव्वज्जापरिणामो सुकयप्पुन्नस्स जइ होइ ॥२॥

**તેમાં પણ જિનકથિત નિષ્કલંક ધર્મમાં બોધિ અને પ્રવ્રજ્યાનો પરિણામ એ તો મહાપુણ્યશાળીને જ થાય છે. ॥૨॥**

મનુષ્યપણું દુર્લભ છે એ વાત સાચી, પણ એ મળી જવાથી કલ્યાણ થઇ જ જાય, એવો કોઈ નિયમ



નથી. અરે બીજી ગતિઓમાં જે પાપસામગ્રી નથી, એવી પાપસામગ્રી મનુષ્યભવમાં છે. સંગ્રહણીકારના શબ્દો યાદ આવે છે -

सत्तमपुढवीं मणुय-मच्छा

મનુષ્યો અને માછલાઓ જ સાતમી નરકમાં જાય છે. રે, સિંહ, વાઘ ને સાપ પણ જે નરકમાં ન જ જાય એ નરકમાં મનુષ્યો જાય ! કેવી કરુણતા !
ઉ. વિનયવિજયજી મહારાજ કહે છે -

लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनां माघवत्यादिमार्गानुसारी ॥
(શાંતસુધારસ ૧૨-૩)

અનાર્યદેશોમાં જે મનુષ્યભવ મળે એ તો ઉલ્ટુ અનર્થ કરનારો થાય છે. કારણ કે અનાર્યદેશમાં મનુષ્યભવ મેળવ્યા પછી તેઓ જીવહિંસા વગેરે દ્વારા પાપકર્મોનો બંધ કરે છે. પાપો કરવાનું જાણે તેમને એક વ્યસન થઇ પડે છે, અને પછી તો જેવા તેમના પાપ તેઓ મરીને સાતમી નરક વગેરેનો રસ્તો પકડી લે છે.

અનાર્યદેશ એ પાપસામગ્રીનું ઉપલક્ષણ છે. આર્યદેશમાં ય જેમને ધર્મસામગ્રી નથી મળી અને

પાપસામગ્રી ભયાનક કક્ષાની મળી છે, તેવા પણ કાલસૌકરિક વગેરેની ભયાનક દુર્ગતિ થાય છે. માટે મનુષ્યભવ કરતા પણ વધુ દુર્લભ છે ધર્મસામગ્રી. ધર્મસામગ્રી બે પ્રકારની છે બહિરંગ અને અંતરંગ. બહિરંગ સામગ્રીમાં સદ્ગુરુયોગ, જિનવાણી શ્રવણ આદિનો સમાવેશ થાય છે. જ્યારે અંતરંગ સામગ્રીમાં બોધિલાભ આદિનો અંતર્ભાવ થાય છે. બહિરંગ સામગ્રી કરતા પણ અંતરંગ સામગ્રી વધુ દુર્લભ છે. સદ્ગુરુયોગ આદિ તો અભવ્યને પણ થાય છે, અરે, અનંત વાર થાય છે. પણ તે કદી બોધિલાભ આદિને પામી શકતો નથી. માટે જિનેશ્વર ભગવંતોએ કહેલો નિષ્કલંક એવો બોધિ લાભ દુર્લભ છે. અને બોધિલાભ થયા પછી પણ ચારિત્ર પ્રાપ્તિનો તલસાટ તો કોઇ અત્યંત પુણ્યશાળીને જ થાય છે. સુરસુંદરી અને મયણાસુંદરીના શબ્દો યાદ કરીએ. સુરસુંદરી કહે છે કે પુણ્યથી સુંદર શરીર મળે, અને મયણાસુંદરી કહે છે કે પુણ્યથી શીલસંપન્ન શરીર મળે.

કાંઇક આવી જ વાત છે. દુનિયા માને છે કે પુણ્યથી સત્તા-સંપત્તિ-સમૃદ્ધિ-સુરૂપવતી સ્ત્રી મળે, પણ શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે પુણ્યના ઉદયથી મનુષ્યપણું, આર્યદેશ, પંચેન્દ્રિયપણા વગેરેથી માંડીને



ચારિત્રનો અભિલાષ મળે. પરમાર્થ દૃષ્ટિથી વિચારીએ તો સંપત્તિ-સ્ત્રી વગેરે તો દુર્ગતિના કારણ છે. એની પ્રાપ્તિને પુણ્યોદય કહેવો કે પાપોદય ?

भोगा भुजङ्गभोगाभा, विषं सांसारिकं सुखम् ।
स्त्रियः श्रियश्च तन्मूलं, कथमाद्रियते बुधः ? ॥

ભોગો ભોરિંગ નાગની ફણા જેવા છે, અને સાંસારિક સુખ ઝેર જેવું છે. સ્ત્રી અને સંપત્તિ એ ભોગસુખોનું મૂળ છે. તેથી કયો ડાહ્યો માણસ તેમાં રતિ કરે ?

પ્રકરણકારશ્રીના શબ્દો ચોટદાર છે - सुकयप्पुन्नस्स जइ होई - ચારિત્રનો પરિણામ થવો દુર્લભ છે, ખૂબ ખૂબ દુર્લભ છે. પણ જો કદાચ કોઇને એ પ્રાપ્ત થાય, તો એ વ્યક્તિ અત્યંત કૃતપુણ્ય જ હોવી જોઈએ, તેણે પૂર્વે વિશિષ્ટ પુણ્યકર્મ બાંધ્યું હોવું જોઈએ. અન્યથા ચારિત્રની ઝંખના થવી તદ્દન અસંભવિત છે. કદાચ તથાવિધ પુણ્યોદયથી ચારિત્રનો પરિણામ થઇ જાય તો ય ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ છે, હજી અનંત પુણ્યનો ઉદય થાય અને ચારિત્રની પ્રાપ્તિ થઇ જાય, તો ય ચારિત્રનું પરિપાલન તો અત્યંત અત્યંત દુર્લભ છે. કેમ? એનો જ જવાબ આપતા હવે ચોથું દ્વાર કહે છે -

सा पुण दुप्परिअल्ला पुरिसाण सया विवेगरहिआणं ।
वोढव्वाइं जम्हा पंचेव महव्वयवयाई ॥३॥

राईभोअणविरई निम्ममत्तं सएऽवि देहंमि ।
पिंडो उग्गमउप्पायणेसणाए सया सुद्धो ॥४॥

इरिआइपंचसमिईहिं तीहिं गुत्तीहिं तवविहाणंमि ।
निच्चुज्जुतो अममो अकिंचणो गुणसयावासो ॥५॥

मासाइआ उ पडिमा अणेगरुवा अभिग्गहा बहवे ।
दव्वे खित्ताणुगया काले भावे अ बोद्धव्वा ॥६॥

जावज्जीवममज्जणमणवरयं भूमिसयणमुद्दिट्ठं ।
केसुद्धरणं च तहा निप्पडिकम्मत्तणमपुव्वं ॥७॥

गुरुकुलवासो य सया खुहापिवासाइआ उ सोढव्वा ।
बावीसं च परीसह तहेव उवसग्ग दिव्वाई ॥८॥

**આત્માઓ વિવેક રહિત છે, તેમના માટે પ્રવ્રજ્યાનું પરિપાલન હંમેશા દુષ્કર છે. કારણ કે પ્રવ્રજ્યામાં પાંચ મહાવ્રતો રૂપ વ્રતો ધારણ કરવાના જ હોય છે. ॥૩॥ રાત્રિભોજનવિરમણ, પોતાના દેહમાં પણ નિર્મમપણુ, ઉદ્ગમ - ઉત્પાદન - એષણાથી હંમેશા શુદ્ધ પિંડ. ॥૪॥ ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ**



**સાથે તપ કરવામાં હંમેશા ઉદ્યમ કરનાર, નિર્મમ, અકિંચન, સેંકડો ગુણોના નિવાસસ્થાનરૂપ. ॥૫॥ અનેક પ્રકારની મહિના વગેરે સુધીની પ્રતિમા, દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવસંબંધી ઘણા અભિગ્રહો (પ્રવ્રજ્યામાં લેવાના હોય છે) એ જાણવા. ॥૬॥**

**આજીવન અસ્નાન, હંમેશા ભૂમિ પર શયન કરવાનો નિર્દેશ કરાયો છે. કેશનો લોચ અને અપૂર્વ એવી નિષ્પ્રતિકર્મતા. ॥૭॥ સદા ગુરુકુળ વાસ, ક્ષુધા-પિપાસા વગેરે પરીષહોને તથા દિવ્ય વગેરે ઉપસર્ગોને સહન કરવા જોઈએ. ॥૮॥**

વિવેક એટલે દેહ અને આત્માનું ભેદજ્ઞાન, વિવેક એટલે હેય અને ઉપાદેયનું ભેદજ્ઞાન, વિવેક એટલે હિત અને અહિતનું ભેદજ્ઞાન. જેમની પાસે વિવેક નથી, એમના માટે પ્રવ્રજ્યાનું પાલન કરવું દુષ્કર છે. જેમને વિવેકનો ઉદય થઈ ગયો છે, તેમના માટે પ્રવ્રજ્યા દુષ્કર નથી. શરીરની આસક્તિ, ઐહિક સ્પૃહા વગેરેનો જનક છે અવિવેક અને તેથી જ અવિવેકની હાજરીમાં ચારિત્રની સાધના દુષ્કર છે. મૃગાપુત્ર રાજકુમાર ચારિત્રની અનુજ્ઞા માંગે છે, ત્યારે તેના માતા-પિતા ચારિત્રની દુષ્કરતા જણાવે છે. ચારિત્ર તો બે હાથે દરિયો તરવા બરાબર

છે, લોઢાના ચણા ચાવવા જેવું છે, મેરુ પર્વતનું વજન કરવા બરાબર છે.. આવા અનેક ઉદાહરણો આપીને મૃગાપુત્રના માતા-પિતા મૃગાપુત્રને ચારિત્ર ન લેવા માટે સમજાવે છે, ત્યારે મૃગાપુત્ર કહે છે -

इहलोगे निप्पिवासस्स णत्थि किंचि वि दुक्करं ॥
(ઉત્તરાધ્યયન ૧૯)

જેને આલોકના સુખની તૃષ્ણા નથી, તેને માટે કાંઈ જ દુષ્કર નથી.

હા, જેને ઐહિક સુખની તૃષ્ણા છે, તેના માટે તો ચારિત્ર બરાબર ઉપરોક્ત ઉદાહરણો જેવું જ છે. કારણ કે અહીં તો પંચ મહાવ્રતોનું પાલન કરવાનું છે. પંચ મહાવ્રતો જ વ્રતો હોય છે, એવું કહેવા પાછળનો આશય એ છે કે પ્રવ્રજિતને અણુવ્રતોરૂપી વ્રતો ન હોય, એને તો મહાવ્રતો જ હોય. કારણ કે પ્રવ્રજિત એ વિરતાવિરત નથી, પણ સર્વવિરત છે. ॥૩॥

સાથે રાત્રિભોજનવિરમણ વ્રતનું પણ પાલન કરવાનું છે. દિવસે વહોરેલું રાત્રે ન વપરાય, દિવસે વહોરેલું બીજા દિવસે પણ ન વપરાય, રાત્રે વહોરવાનો જ નિષેધ છે. માટે રાત્રે વહોરેલું દિવસે ન વપરાય અને



રાત્રે વહોરેલું રાત્રે પણ ન વપરાય, આ રીતે ચારે પ્રકારથી રાત્રિ ભોજનનો આજીવન ત્યાગ કરવાનો હોય છે.

વળી પોતાના શરીર પ્રત્યે પણ મમતા રાખવાની નથી. મમ-મારું આવો જે ભાવ તે જ મમતા. પોતાનું શરીર પણ પોતાનું લાગે- ‘આ મારું છે’ એવું સંવેદન થાય એટલે મમતાનો ઉદય થયો કહેવાય. મહાત્માઓ ક્ષુધા વગેરે પરીષહોથી માંડીને મરણાંત ઉપસર્ગોને સહન કરે છે, એ પણ પૂર્ણ પ્રસન્નતા સાથે, તેનું કારણ એ જ છે કે, તેમને પોતાના શરીર પ્રત્યે પૂર્ણ નિર્મમભાવ જાગૃત થયો હોય છે. ગજસુકુમાલ મુનિનું માથું ભડકે બળ્યું હતું, એ સંયોગોમાં તેમણે ક્ષપકશ્રેણિ માંડી હતી. ક્ષપકશ્રેણિનું બીજ હતું નિર્મમત્વ -

**બળે નહીં મારું કંઈ બળે બીજાનું એહ રે,**
**પડોશીની આગમાંહિ આપણો અલગો ગેહ રે.**

બીજાનું ઘર બળે તેમાં મારે શું ? એ ઘર જુદું છે, અને મારું ઘર જુદું છે. એ જ રીતે શરીર બળે એમાં ય મારે શું ? કારણ  કે શરીર જુદું છે અને હું જુદો છું. આસક્તિ, સુખશીલતા, પરીષહ-ઉપસર્ગોથી ભયભીતતા

આ બધાનું કારણ છે શરીરમાં ‘હું’ પણાની બુદ્ધિ. માટે પ્રવ્રજ્યામાં સ્વશરીરમાં પણ નિર્મમતા હોવી આવશ્યક છે.

વળી ૧૬ ઉદ્ગમના દોષો, ૧૬ ઉત્પાદનના દોષો અને ૧૦ એષણાના દોષો, એમ ૪૨ દોષોથી રહિત હોય એવા શુદ્ધ પિંડનું જ ગ્રહણ કરવાનું હોય છે. ‘પિંડ એટલે ભોજન’, એવું નથી. પ્રવ્રજિત માટીના ઢેફાથી માંડીને કપડાં-પાત્રાદિ સુધીની જે વસ્તુનું ગ્રહણ કરે, એ બધું પિંડ કહેવાય. એ બધી વસ્તુ ૪૨ દોષથી રહિત હોવી જોઈએ. ॥૪॥

ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિઓ અને મનગુપ્તિ વગેરે ત્રણ ગુપ્તિઓ - આ અષ્ટપ્રવચનમાતાનું પાલન કરવાનું હોય છે. એની સાથે છ પ્રકારનો બાહ્ય તપ અને છ પ્રકારનો આભ્યંતર તપ કરવામાં હંમેશા ઉદ્યમવંત રહેવાનું હોય છે.

પૂર્વે શરીર પ્રત્યેનો નિર્મમભાવ કહ્યો. હવે સામાન્યથી નિર્મમભાવ કહે છે - ‘અમમ’. અમમ શબ્દની વ્યુત્પત્તિ સમજવા જેવી છે - न विद्यते ममेतिशब्दो यस्येत्यममः - જેની પાસે ‘મારું’ એવો શબ્દ જ નથી. જેને તે ‘મારું’ કહી શકે એવું તેની પાસે કાંઈ છે જ



નહીં. માટે જ ‘મારું’ આ શબ્દ જ જેના શબ્દકોષમાં નથી, તેનું નામ અમમ. શ્રામણ્ય એ સુખનો સાગર છે. કારણ કે તેમાં અમમભાવ છે. અધ્યાત્મકલ્પદ્રુમમાં કહ્યું છે -

अवेहि विद्वन् । ममतैव मूलं
शुचां सुखानां समतैव चेति ॥ १६-३॥

ઓ વિદ્વાન્ ! તું સમજી લે કે મમતા જ શોકોનું મૂળ છે અને સમતા જ સુખોનું મૂળ છે.

અમમભાવ એટલે જ સમતા, અમમભાવ એટલે જ સામાયિક, અમમભાવ એટલે જ શ્રામણ્ય. પાણી વગરનો દરિયો જો હોઈ શકે, તો જ અમમભાવ વગરનું શ્રામણ્ય હોઈ શકે. માટે પ્રવ્રજ્યામાં અમમભાવ હોવો અતિ આવશ્યક છે.

**શંકા**-મૂળ ગાથામાં તો ‘અમમ’ શબ્દ છે, તો તેની વ્યાખ્યા કરવામાં ‘અમમભાવ’ આવો શબ્દ કેમ વાપર્યો છે ?

**સમાધાન**- કેટલીકવાર સૂત્રમાં કરેલો નિર્દેશ ભાવપ્રધાન હોય છે. માટે અમમ = અમમભાવ આવો અર્થ કરવામાં કોઈ ક્ષતિ નથી. એમ અન્યત્ર પણ સમજવું.

તથા અકિંચન = જેની પાસે કશું જ નથી, તે. પ્રવ્રજ્યામાં અકિંચનતા હોવી જરૂરી છે.

**શંકા** - તો પછી દિગંબરોની જ પ્રવ્રજ્યા સાચી ઠરશે. કારણ કે શ્વેતાંબરો તો વસ્ત્ર-પાત્ર વગેરે ધારણ કરે છે. માટે તેમને અકિંચનતા ન ઘટી શકે.

**સમાધાન** - દિગંબરો પણ મોરપિંછ, કમંડળ, પુસ્તકાદિ રાખે છે. છેવટે શરીર પણ એક જાતનો પરિગ્રહ છે, માટે દ્રવ્ય અકિંચનતા તો તેમને પણ નહીં ઘટે. માટે અકિંચનતાનો અર્થ છે મૂર્ચ્છાનો અભાવ. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે - मुच्छा परिग्गहो वुत्तो - તીર્થંકર આદિએ મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે. શરીર પર મૂર્ચ્છા હોય, તો એ પણ પરિગ્રહ છે.

મહોપાધ્યાયજીએ કહ્યું છે -

मूर्च्छाछन्नधियां सर्वं जगदेव परिग्रहः ।
मूर्च्छया रहितानां तु जगदेवापरिग्रहः ॥
(જ્ઞાનસાર ૨૫-૮)

જેમની મતિ મૂર્ચ્છાથી ઘેરાયેલી છે, તેમના માટે આખી દુનિયા પરિગ્રહ છે, અને જેઓ મૂર્ચ્છાથી રહિત છે, તેમને જગત જ અપરિગ્રહ છે. (દુનિયાભરની



સામગ્રી તેમની પાસે હોય, કે આખી દુનિયાના તેઓ માલિક હોય, તો પણ તેઓ મૂર્ચ્છારહિત હોય, તો અપરિગ્રહી છે.)

માટે જિનાજ્ઞાનુસારે સંયમરક્ષા માટે ધર્મોપકરણ ધારણ કરવા જોઈએ અને તેમાં મૂર્ચ્છા ન રાખવી જોઈએ. આ સ્થિતિ અકિંચનતાનો જ પર્યાય છે.

તથા પ્રવ્રજિતે સેંકડો ગુણોના આવાસ બનવું જોઈએ. શાસ્ત્રમાં અપુનર્બંધક સમ્યગ્દૃષ્ટિ વગેરેના ગુણોનું જે વર્ણન કર્યું છે, તે જોઈને પણ મંત્રમુગ્ધ થઈ જવાય છે, તો પછી શ્રમણના ગુણોની તો શું વાત કરવી ? ક્ષમા, નમ્રતા, વિનય, ઔચિત્ય, દાક્ષિણ્ય, પરાર્થ, કરુણા આવા અનેક ગુણોની પરાકાષ્ઠા એટલે જ શ્રમણ. લોકોત્તર ગુણોનો અલૌકિક નિવાસ એટલે જ શ્રમણ. દશવૈકાલિક સૂત્રમાં સ્પષ્ટપણે કહ્યું છે -

गुणेहि साहू अगुणेहिऽसाहू (૧૦)

સાધુ તો ગુણોથી થવાય. અવગુણોથી અસાધુ થવાય.

જો માત્ર વેષ વગેરેથી જ સાધુ થવાતું હોત, તો નટ વગેરેને પણ સાધુ કહી શકાય, પણ તેવું નથી.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે -

न वि मुंडिएण समणो, नोंकारेण य बंभणो ।
न मुणी रण्णवासेण, कुसचीरेण तावसो ॥

समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।
नाणेण य मुणी होइ, तवेण होई तावसो ॥ (૨૫/૩૧,૩૨)

માત્ર માથુ મુંડાવવાથી શ્રમણ ન થઈ શકાય, ૐકારનો જાપ કરવાથી બ્રાહ્મણ ન થઈ શકાય. જંગલમાં રહેવા માત્રથી મુનિ ન થઈ શકાય અને વલ્કલના વસ્ત્રો પહેરે એટલા માત્રથી તાપસ ન થઈ શકાય. શ્રમણ તો થવાય સમતાથી. બ્રાહ્મણ થવાય બ્રહ્મચર્યથી. મુનિ થવાય જ્ઞાનથી અને તાપસ થવાય તપથી. ॥૫॥

સાધુની ૧૨ પ્રતિમાઓ હોય છે. જે મહાત્માએ જઘન્યથી ૧૦મા પૂર્વની ૮ વસ્તુ સુધીનું જ્ઞાન મેળવ્યું હોય, જે વિશિષ્ટ સંહનન-સત્ત્વથી યુક્ત હોય, જેમને શરીરની પરવા ન હોય, જે જિનકલ્પીની જેમ ઉપસર્ગોને સહન કરવા માટે સમર્થ હોય, જે અલેપકૃત આહાર કરતાં હોય = લૂખું-સૂકું ભોજન કરતા હોય, તેવા મહાત્મા ગુર્વાજ્ઞાપૂર્વક ગચ્છની બહાર નીકળીને આ પ્રતિમાઓનો સ્વીકાર કરે છે. આ પ્રતિમાઓ વિશિષ્ટ અભિગ્રહરૂપ



હોય છે. તેમાં પહેલી પ્રતિમામાં મહિના સુધી આહાર-પાણીની એક-એક દત્તિનું જ ગ્રહણ કરવાનું હોય છે. અર્થાત્ એક વારમાં - એક સાથે જેટલો આહાર વહોરાવે તેટલો લે, બીજી વાર ન લે. પાણી પણ એક ધારમાં જેટલું આવે એટલું લે, બીજી વાર ન લે. પછી બીજી પ્રતિમા બે માસ સુધી કરે, તેમાં અન્ન-પાણીની બે-બે દત્તિ લે. એ રીતે યાવત્ સાતમી પ્રતિમા- સાત મહિના સુધી- સાત-સાત દત્તિ લઈને કરે. પછી સાત રાતની એક એવી ત્રણ પ્રતિમાઓ કરે. અહીં 'રાત'ના ઉપલક્ષણથી દિવસ પણ સમજી લેવો. તેમાં પહેલી પ્રતિમામાં એકાંતરા ચોવિયારા ઉપવાસ અને પારણે આયંબિલ કરીને, ગામની બહાર ચત્તા સૂઈને, પડખા પર સૂઈને કે બેસીને નિશ્ચલપણે દેવાદિકૃત ઉપસર્ગોને સહન કરે.

બીજી સાત રાતની પ્રતિમામાં પણ એ જ પ્રમાણે કરે. માત્ર સૂવા કે બેસવાને બદલે ઉત્કટુક આસનમાં રહે. અથવા તો લગંડ = વાંકા લાકડાની જેમ સૂવે. અર્થાત્ માથું અને પગ આ બે જ જમીનને સ્પર્શે, વચ્ચેનો ભાગ અદ્ધર રહે, એ રીતે સૂવે. અથવા તો દંડની જેમ સીધા ઊભા રહે.

ત્રીજી પ્રતિમા પણ એ જ રીતે કરે. માત્ર તેમાં વીરાસન કે ગોદોહાસનમાં રહે, અથવા તો કુબડા આંબાના ઝાડની જેમ રહે. આ રીતે કુલ ૧૦ પ્રતિમા થઈ. અગિયારમી પ્રતિમા એક દિવસ-રાતની હોય છે. તેમાં - ચોવિયાર છટ્ઠ કરીને ગામ કે નગરની બહાર કાયોત્સર્ગમાં ઊભા રહે. બારમી પ્રતિમા એક રાતની હોય છે. તેમાં અટ્ઠમ કરીને તેમાં છેલ્લી રાત્રિએ ગામ કે નગરની બહાર અનિમેષ નયને એક પુદ્ગલને જુએ, પગ સંકોચેલા હોય અને હાથ કાયોત્સર્ગમુદ્રામાં હોય, આ રીતે ઉભા રહે. આ રીતે સાધુએ બાર પ્રતિમા કરવી જોઈએ. અનેક પ્રકારના ઘણા અભિગ્રહો પણ કરવા જોઈએ. આ અભિગ્રહો દ્રવ્ય - ક્ષેત્ર - કાળ ભાવ સંબંધી હોય છે. જેમ કે પ્રભુ મહાવીરસ્વામી ભગવાને એવો અભિગ્રહ લીધો હતો કે 'દ્રવ્યથી અડદના બાકુળા, ક્ષેત્રથી દાયકનો એક પગ ઉંબરાની અંદર અને બીજો પગ ઉંબરાની બહાર હોય, કાળથી ભિક્ષાચરો નિવૃત્ત થઈ ગયા હોય ત્યારે અને ભાવથી રાજકુમારી હોય, દાસીભાવ પામી હોય, માથે મુંડન હોય, પગમાં બેડી હોય, આંખમાં આંસુ હોય. ઉપરોક્ત સંયોગોમાં આવું દાયક પાત્ર વહોરાવે તો વહોરવું.'



વર્તમાન કાળમાં પણ યથાશક્તિ આવા અભિગ્રહો કરી શકાય છે. જેમ કે કોઈ રડતી છોકરી છરીથી ભીંડાનું શાક વહોરાવે તો લીલોતરી વાપરવી. (અર્થાત્ ત્યાં સુધી લીલોતરી બંધ.) વગેરે... ॥ ૬ ॥

તથા યાવજ્જીવ અસ્નાન. સ્નાન બે પ્રકારનું છે. (૧) દેશસ્નાન = હાથ - મોં વગેરે શરીરનો એક ભાગ ધોવો. (૨) સર્વસ્નાન = સર્વાંગ પ્રક્ષાલન કરવું. આ બંને પ્રકારના સ્નાનનું આજીવન વર્જન કરવું જોઈએ. તથા ભૂમિસંથારો કરવો જોઈએ. પલંગ વગેરેનો ઉપભોગ એ પ્રમાદ છે. આચાર્ય ભગવંત પણ ચાતુર્માસ સિવાય (નિષ્કારણ) પાટનો ઉપયોગ ન કરે, માટે સાધુ ભગવંતોથી તો સુતરાં પાટ વગેરેનો ઉપયોગ (ચાતુર્માસમાં રાત્રિ સંથારા સિવાય) ન થઈ શકે. તથા કેશલોચ કરાવવો જોઈએ. ભગવાનની આજ્ઞા છે કે યુવાન સાધુઓએ વર્ષમાં ત્રણ વાર લોચ કરાવવો અને વૃદ્ધ સાધુઓએ વર્ષમાં બે વાર લોચ કરાવવો.

તથા અપૂર્વ નિષ્પ્રતિકર્મ હોવું જોઈએ. પ્રતિકર્મ એટલે શરીરની સાર સંભાળ કે શણગાર. એમાં સાધુએ શણગાર તો કરાય જ નહીં. સાર સંભાળ પણ સંયમ નિર્વાહ થાય એટલા પૂરતી જ કરાય. તેનાથી વધીને

કોઈ સાર સંભાળ ન કરાય. નખ મોટો હોય તો પોતાને કે બીજાને વાગી જાય, અથવા તો કાચા નખ સાથે ઉખડી જાય, ગોચરી વાપરતા નખનો મેલ પેટમાં જાય, તેનાથી રોગ થાય, આ રીતે સંયમયાત્રામાં બાધા થાય, માટે નખ સમારવા પડે. પણ એ સમાર્યા પછી તે સુંદર દેખાય એવો આકાર આપવાનો પ્રયત્ન ન કરાય. સ્થંડિલભૂમિથી પાછા આવીને પાદપ્રક્ષાલન કરવું પડે, તે તદ્દન પરિમિત પાણીને જમીન પર રેડીને તેના ઉપર પગના તળિયા ઘસવા પૂરતું જ કરી શકાય, પુષ્કળ પાણીથી તળિયા સિવાયના ભાગનું પણ પ્રક્ષાલન ન કરાય. (આ ઉત્સર્ગ માર્ગ છે. શાસનમાલિન્ય આદિની સંભાવના હોય, તેવા સંયોગો માટે શાસ્ત્રમાં અપવાદમાર્ગ પણ બતાવ્યો છે.) ॥ ૭ ॥

તથા હંમેશા ગુરુકુળવાસમાં રહેવું જોઈએ. ગુરુકુળ-વાસમાં શુભ આલંબન, સાક્ષી, સારણા વગેરે દ્વારા સંયમની સ્થિરતા અને શુદ્ધિ સંભવે છે. વળી વિનય, વૈયાવચ્ચ, શ્રુતગ્રહણ, ગ્લાનત્વ-અંતિમ સમય જેવા સંયોગોમાં સમાધિ વગેરે પણ ગુરુકુળવાસમાં શક્ય બને છે.માટે પરમાત્માની એ પરમ આજ્ઞા છે, કે ગુરુકુળ-વાસનો ત્યાગ ન કરવો. તથા ક્ષુધા-પિપાસા વગેરે બાવીસ



પરીષહો તથા દેવ-તિર્યંચ-મનુષ્યકૃત ઉપસર્ગોને સહન કરવા જોઈએ. ॥ ૮ ॥

હવે પ્રવ્રજ્યાનું સ્વરૂપ કહે છે.

**लद्धावलद्धवित्ती सीलंगाणं च तह सहस्साइं ।**
**अट्ठारसेव सयं वोढव्वा आणुपुव्वीए ॥९॥**

**લબ્ધ-અપલબ્ધથી વૃત્તિ કરવી જોઈએ અને અનુક્રમથી અઢાર હજાર શીલાંગોને વહન કરવા જ જોઈએ ॥ ૯ ॥**

બહુમાનપૂર્વક જે મળે તેને લબ્ધ કહેવાય અને અપમાનપૂર્વક જે મળે તેને અપલબ્ધ કહેવાય. આ બંને દ્વારા શ્રમણ પ્રાણધારણ કરે. શ્રમણને મન માન-અપમાન બંને સરખા હોય. ભૂખ-તરસ વગેરેથી શરીર ઘસાય છે, તે સહન કરવું હજી સહેલું છે. નિંદા-અપમાન વગેરેથી મન ઘસાય છે, તેને સહન કરવું ખૂબ મુશ્કેલ છે. ચક્રવર્તી દીક્ષા લે, પછી પોતાના પૂર્વના દુશ્મનો હોય તેમના ઘરે પણ ગોચરી જાય, પોતાનાથી પહેલા કોઈ ગરીબે દીક્ષા લીધી હોય, તે મહાત્માને પણ વંદન કરે. ખરેખર માનકષાયના અત્યંત વિશિષ્ટ નિગ્રહ વિના આ પરાક્રમ શક્ય જ નથી.

કહેવાય છે કે રાજા ભર્તૃહરિએ જ્યારે તેના ગુરુ પાસે પ્રવ્રજ્યાની માંગણી કરી, ત્યારે તેના ગુરુએ તેની પરીક્ષા કરી. કહ્યું કે, 'ઉકરડેથી કપડાંના ચીંથરા વીણી લાવ.' ભર્તૃહરિ રાજા ચીંથરા વીણી લાવ્યા. ગુરુએ વધુ કડક પરીક્ષા કરી, 'હવે એમાંથી લંગોટ બનાવીને પહેરી લે.' ચીંથરેહાલ લંગોટ પહેરીને રાજા ભર્તૃહરિ હાજર થયા. ગુરુએ હજી કડક કસોટી કરી, 'હવે તારી રાણીના દ્વારે જઈને હાથ જોડીને કહે, 'મૈયા ! ભિક્ષા દે.' કમાલ! ભર્તૃહરિ આ કસોટીમાંથી પણ પાર ઉતરી ગયા.

માન-અપમાન, પૂજા-નિંદા, સત્કાર-તિરસ્કાર આ બધા પ્રત્યે સમભાવ એનું જ નામ શ્રામણ્ય.

તથા ૧૮,૦૦૦ શીલાંગોને વહન કરવા જોઈએ. તેમની નિષ્પત્તિ આ રીતે થયા છે. ક્ષમા વગેરે ૧૦ યતિધર્મ X પૃથ્વી વગેરે અજીવ સુધી ૧૦ X ૫ ઈન્દ્રિય X ૪ સંજ્ઞા X ૩ યોગ X ૩ કરણ-કરાવણ-અનુમોદન = ૧૮૦૦૦. આ રીતે ૧૮૦૦૦ શીલાંગની નિષ્પત્તિ થયા છે. આની વિશદ સમજ માટે પંચાશકજી આદિ ગ્રંથોનું અવલોકન કરી શકાય. ॥૯॥

હવે પાંચમું દ્વાર કહે છે - પ્રવ્રજ્યાની દુષ્કરતા.



**तरिअव्वो य समुद्दो बाहाहिं इमो महल्लकल्लोलो ।**
**नीसायवालुआए चावेयव्वो सया कवलो ॥१०॥**

**चंकमिअव्वं निसिअग्गखग्गधाराइ अप्पमत्तेणं ।**
**पायव्वा य सहेलं हुअवहजालावली सययं ॥११॥**

**गंगापडिसोएणं तोलेअव्वो तुलाइ सुरसेलो ।**
**जइअव्वं पुण एगागिणावि भीमारिदुट्ठबलं ॥१२॥**

**राहावेहविणिम्मिअचक्कट्ठिअलक्खमग्गपुत्तलिआ ।**
**विंधेअव्व अवस्सं उवसग्गपरीसहे जेउं ॥१३॥**

**तिहुअणजयप्पडागा अग्गहणिज्जा तहावि गहिअव्वा ।**
**इअ एवमाइ साहूण दुक्करा होइ पव्वज्जा ॥१४॥**

**આ મોટા મોજાવાળો દરિયો બે હાથે તરવો, હંમેશા નિઃસ્વાદ રેતીના કોળિયાને ચાવવો, ॥૧૦॥ ધારદાર તલવારની ધાર પર અપ્રમત્તપણે ચાલવું, રમતમાત્રમાં અગ્નિની જ્વાળાઓને નિરંતર પી જવી, ॥૧૧॥ ગંગા નદીને પ્રતિસ્રોતથી તરવી, મેરુ પર્વતને તુલાથી તોલવો, વળી એકલાએ જ ભયંકર દુશ્મનનું દુષ્ટ લશ્કર જીતી લેવું, ॥૧૨॥ રાધાવેધ માટે બનાવેલી, ચક્રમાં રહેલી, લક્ષ્ય માર્ગમાં સ્થિત એવી પૂતળીને વીંધવી, અવશ્યપણે ઉપસર્ગો**

**અને પરીષહોને જીતીને ॥૧૩॥ જેને લેવી દુષ્કર છે એવી પણ ત્રિભુવનજયપતાકા લેવી, આમ આવા ઉદાહરણોથી સાધુઓની પ્રવ્રજ્યા દુષ્કર હોય છે. ॥૧૪॥**

આનંદઘનજી મહારાજે કહ્યું છે -

**‘ધાર તલવારની સોહિલી દોહિલી,**
**ચૌદમા જિન તણી ચરણ સેવા.’**

તલવારની ધાર પર ચાલવું હજી કદાચ સહેલું હશે. પણ જિનાજ્ઞાનું પાલન કરવું, એ તો અતિ અતિ દુષ્કર છે.

ઉપરોક્ત બધા દૃષ્ટાંતોથી પ્રવ્રજ્યાની દુષ્કરતાની ઉપમા આપવામાં આવી છે. બે હાથે દરિયો તરવો જેમ દુષ્કર છે, તેમ પ્રવ્રજ્યા દુષ્કર છે એમ કહેવાયું છે. પણ વાસ્તવમાં તો ઉપમાની મર્યાદા હોય છે. તેથી જ આનંદઘનજી મહારાજ સ્પષ્ટ કહે છે કે, આ તો હજી સહેલું હશે, પણ પ્રવ્રજ્યાનું પાલન સહેલું નથી.

હરિનો મારગ છે શૂરાનો.. લોચ કરાવવા, ઉગ્ર વિહારો કરવા, ઉગ્ર તપસ્યાઓ કરવી, સ્વચ્છંદી મન-મર્કટને જિનાજ્ઞા-સૂત્રથી બાંધી દેવું, ગુરુચરણમાં યોગત્રયને સમર્પિત કરી દેવા, સતત અપ્રમાદભાવ ધારણ કરવો,



સર્વત્ર સમતા ધારણ કરવી... આવું પરાક્રમ તો કોઈ શૂરવીર જ દાખવી શકે ને ?

કો’કે પ્રશ્ન કર્યો કે ભાઈ ! પ્રવ્રજ્યા આટલી બધી દુષ્કર છે, તો પછી શા માટે તેનો સ્વીકાર કરવો ? શા માટે આટલી કઠોર સાધના કરવી ? પંચાશકજીમાં પ. પૂ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ આ જ પ્રશ્ન અને તેના ઉત્તરનું અવતરણ કરતા કહ્યું છે -

दुक्कर जइ पवज्जा दुक्करच्चिय पवन्नं ।
किं पुण एस पयत्तो मोक्खफलत्तेण एयस्स ॥

જો તમે એમ કહો કે આ (પિંડવિશુદ્ધિ) તો બહુ દુષ્કર છે, તો મારો જવાબ એ છે કે પ્રવ્રજ્યા દુષ્કર જ છે, એવું અમે સ્વીકાર્યું જ છે, તો પછી આ પ્રયત્ન શા માટે કરો છો ? એનો જવાબ એ છે કે, આનું ફળ મોક્ષ છે.

એ જ આચાર્યશ્રીએ ધર્મબિંદુમાં પણ કહ્યું છે -

बाहुभ्यां दुस्तरो यद्वत् क्रूरनक्रो महोदधिः ।
यतित्वं दुष्करं तद्व-दिति आहुर्मनीषिणः ॥

अपवर्गः फलं यस्य, जन्ममृत्वादिवर्जितः ।
परमानन्दरूपश्च, दुष्करं तन्न चाद्भुतम् ॥

જેમ ક્રૂર જળચરોવાળો દરિયો બે હાથેથી તરી જવો મુશ્કેલ છે, તે જ રીતે સાધુપણું પાળવું દુષ્કર છે, એમ મતિમાનોએ કહ્યું છે. જન્મ-મરણ-રોગ વગેરેથી રહિત અને પરમ આનંદરૂપ એવો મોક્ષ જેનું ફળ છે, એવું સાધુપણું દુષ્કર હોય, તેમાં કાંઈ જ આશ્ચર્ય નથી.

આશય એ જ છે કે જેનું ફળ આટલું મહાન છે, એ સાધના કઠિન હોય, એ તો સહજ જ છે. ફળની ઉત્કૃષ્ટતાનું જ્ઞાન કઠિન સાધનાનો પણ સહજતાથી સ્વીકાર કરાવે છે. માટે હવે છઠ્ઠુ દ્વાર કહે છે, જેનું નામ છે ધર્મફળદર્શન.

**जिणधम्मो मुक्खफलो सासयसुक्खो जिणेहिं पन्नत्तो।**
**नरसुरसुहाइं अणुसंगिआइं इह किसि पलालव्व ।१५।**

**भुवणं जिणस्स न कयं न य बिंबिं नावि पूइआ साहू ।**
**दुद्धरवयं न धरिअं जम्मो परिहारिओ तेण ।।१६।।**

**જિનધર્મ શાશ્વત સુખનું કારણ છે, તેનું ફળ મોક્ષ છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે. જેમ ખેતી કરતાં ઘાસ પણ ઉગે, તેમ મનુષ્ય અને દેવના સુખો તો આનુષંગિક ફળ છે. ॥૧૫॥ જેણે જિનાલય બંધાવ્યું નથી, જિનબિંબ કરાવ્યું નથી, સાધુઓની ઉપાસના પણ નથી કરી, અને દુર્ધર**



**વ્રતને ધારણ નથી કર્યું, તે પોતાના જન્મને હારી ગયો છે. ॥૧૬॥**

ખેતીનું ફળ છે ધાન્ય. પણ ધાન્યની સાથે સાથે ઘાસ પણ ઊગી નીકળે છે. પણ ઘાસ એ કાંઈ ખેતીનું ફળ છે એમ ન કહેવાય, એ તો આનુષંગિક છે.

फलं प्रधानमेवाऽऽहु-र्नानुषङ्गिकमित्यपि ।
पलालादिपरिहारात्कृषौ धान्याप्तिवद् बुधाः ॥

જે મુખ્ય હોય તે જ ફળ છે. આનુષંગિક હોય, તેને ફળ ન કહેવાય. જેમ ખેતીમાં ઘાસ વગેરેના પરિહારપૂર્વક ધાન્યની પ્રાપ્તિ જ ફળ છે. અર્થાત્ ઘાસ વગેરેને ફળ નથી કહેવાતા, પણ ધાન્ય પ્રાપ્તિને જ ફળ કહેવાય છે, આ રીતે વિદ્વાનો કહે છે.

એ જ રીતે જિનધર્મનું મુખ્ય ફળ છે મોક્ષ. જિનધર્મથી રાજ્ય - સામ્રાજ્ય - ચક્રવર્તીપણું - દેવપણું, ઈન્દ્રપણું- અહમિન્દ્રપણું પણ મળે છે. અરે, ધર્મથી તીર્થંકરપણું પણ મળે છે. એ બધું આનુષંગિક છે.

ધર્મબિંદુમાં કહ્યું છે -

यत्किञ्चिन शुभं लोके, स्थानं तत्सर्वमेव हि ।
अनुबन्धगुणोपेतं, धर्मादाप्नोति मानवः ॥

धर्मश्चिन्तामणिः श्रेष्ठो, धर्मः कल्याणमुत्तमम् ।
हित एकान्ततो धर्मो, धर्म एवामृतं परम् ॥

દુનિયામાં જે કોઈ પણ સારામાં સારું સ્થાન છે, ધર્મના આસેવનથી મનુષ્ય અનુબંધગુણથી યુક્ત તે બધું જ પ્રાપ્ત કરે છે. ધર્મ એ શ્રેષ્ઠ ચિન્તામણિ છે. ધર્મ ઉત્તમ કલ્યાણ છે. ધર્મ એકાંતે હિતકર છે. ધર્મ જ પરમ અમૃત છે.

એવી નીતિ છે કે - फलप्रधान आरम्भः । કાર્યનો પુરુષાર્થ તેના ફળની પ્રધાનતાથી થાય છે. ફળ જેટલું ઉંચું હોય, એટલો પુરુષાર્થનો ઉલ્લાસ વધારે થાય. ધર્મ ઉત્તરોત્તર વિશિષ્ટ સુખોની પરંપરા આપે છે અને ક્રમશઃ શાશ્વત સુખનું અર્પણ કરે છે. અગિયારમું આગમ છે વિપાકસૂત્ર. તેમાં સુખવિપાક અને દુઃખવિપાકના દશ-દશ દૃષ્ટાંતો છે. માત્ર એક વારના સુપાત્રદાનરૂપ ધર્મથી જે સુખપરંપરા પ્રાપ્ત થાય છે, તેનું અદ્ભુત વર્ણન સુખવિપાકના દૃષ્ટાંતોમાં જોવા મળે છે. ધર્મના ફળને દર્શાવતા બીજા પણ સેંકડો-હજારો દૃષ્ટાંતો ઉપલબ્ધ થાય છે. એ બધાનું તાત્પર્ય એ છે કે ધર્મ જ ઉપાદેય છે. ધર્મને વળગી રહો. ધર્મના અણિશુદ્ધ પાલન માટે તત્પર રહો, ધર્મ શ્રેષ્ઠમાં ય શ્રેષ્ઠ સુખો તમારા ચરણે ધરી દેશે,



એ નિશ્ચિત છે. ॥૧૫॥

જે ધર્મની આરાધના ન કરે તેની જિંદગી નિષ્ફળ છે. રત્નાકર પચ્ચીસીમાં કહ્યું છે -

न देवपूजा न च पात्रपूजा, न श्राद्धधर्मश्च न साधुधर्मः ।
लब्ध्वापि मानुष्यमिदं समस्तम्, कृतं मयारण्यविलापतुल्यम् ॥

મેં ન તો જિનપૂજા કરી, જિનાલય-જિનબિંબોના નિર્માણ ન કરાવ્યા. ન તો શ્રમણોની ઉપાસના કરી. મહાત્માઓની સેવાથી ય હું વંચિત રહ્યો. મેં ન તો શ્રાવકધર્મનું પરિપાલન કર્યું, કે ન તો શ્રમણધર્મનું પરિપાલન કર્યું. ખરેખર, આ મનુષ્યપણું વગેરે બધી ઉંચામાં ઉંચી સામગ્રી પામીને પણ મેં તેને નિષ્ફળ કરી દીધી. ખરેખર, જંગલમાં રુદન કરવાથી જેમ તે નિષ્ફળ જાય, તેમ મારું પણ આ બધું નિષ્ફળ ગયું. ॥૧૬॥

હવે સાતમું દ્વાર- ધર્મના નિર્વાહકપણું કહે છે -

**मुणिवूढो सीलभरो विसयपमत्ता तरंति नो वोढुं ।**
**करिणो पल्लाणं किं उववोढुं रासहो तरइ ? ॥१७॥**

**अन्नह सा पव्वज्जा वज्जिअसावज्जजोगकरणिज्जा ।**
**अन्नह पमायबहुलो जीवो विनडेइ अप्पाणं ॥१८॥**

अन्नह सो पडिमत्थो अन्नह लोआण चिट्ठिअं इण्हिं ।
अन्निच्चिय दंता गयवराण चावंति अन्नेहिं ॥१९॥

वंसिअ सुहेण छिज्जइ कड्ढिज्जइ दुक्करं कुडंगाओ।
पव्वज्जा सुहगहिआ सीलभरो दुव्वहो होई ॥२०॥

वुज्झंति नाम भारा ते चिअ वुज्झंति वीसमंतेहि ।
सीलभरो वोढव्वो जावज्जीवं अवीसामो ॥२१॥

**શીલનો ભાર તો મુનિઓએ વહન કર્યો છે. વિષયોમાં પ્રમત્ત હોય એવા આત્માઓ તેને વહન કરી શકતા નથી. હાથીના પલાણ (અંબાડી)ને શું ગધેડો ઉંચકી શકે ખરો ? ॥૧૭॥**

**જેમાં સાવદ્યયોગોના કાર્યોનો ત્યાગ છે, તે પ્રવ્રજ્યા અન્યથા છે- બીજા જ પ્રકારની છે. અને પ્રમાદની બહુલતાવાળો જીવ અન્યથા પોતાના આત્માની કદર્થના કરે છે. ॥૧૮॥**

**તે પ્રતિમાનો અર્થ અન્ય પ્રકારનો છે અને વર્તમાનમાં લોકોની ચેષ્ટા અન્ય પ્રકારની છે. ગજરાજોના દાંતો અન્ય પ્રકારના હોય છે, અને તેઓ અન્ય દાંતોથી ચાવે છે. ॥૧૯॥**



**વાંસને કાપવો સહેલો છે, પણ વાંસની જાળમાંથી તેને બહાર કાઢવો મુશ્કેલ છે. તેમ પ્રવ્રજ્યાનું ગ્રહણ કરવું સહેલું છે, પણ શીલના ભારનું વહન કરવું મુશ્કેલ છે. ॥૨૦॥**

**ભારો ઉંચકાય છે, પણ તે વિશ્રામ કરનારાઓ જ ઉંચકે છે, જ્યારે શીલનો ભાર તો આજીવન વિશ્રામ વિના ઉંચકવાનો છે. ॥૨૧॥**

એક મ્યુઝિયમમાં રાણા પ્રતાપનું બખ્તર છે. એ બખ્તર પહેરીને રાણા પ્રતાપ જંગ ખેલતા, શત્રુઓને હંફાવતા, ગજબની સ્ફૂર્તિથી તલવાર ચલાવતા. એ બખ્તર કોઈ સામાન્ય માણસ પહેરી પણ ન શકે, એટલું વજનદાર છે. કદાચ કોઈ પહેરી લે તો પછી એ બિચારો હલીચલી પણ ન શકે, યુદ્ધ કરવાની તો વાત જ ક્યાં રહી ? એ તો ભાઈ પ્રતાપનું બખ્તર, એ તો પ્રતાપના કામનું, બીજાનું એમાં કામ નહીં.

એ બખ્તર કરતાં ય અનેક ગણો ભાર છે શીલનો. ચારિત્રનો આ ભાર કોઈ વહન કરી શકે તો એ છે ભાવ શ્રમણ. બીજાનું એ ગજું નહીં. જેમને વિષયોમાં હળાહળ ઝેરનું દર્શન થાય, વિષયો પ્રત્યે જેમને તીવ્ર ધિક્કારભાવ હોય, જેઓ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી યુક્ત હોય, તેઓ જ

ચારિત્રના ભારને વહન કરી શકે. જેઓ વિષયોમાં આસક્ત છે, જેમની આંખ રૂપદર્શન માટે ચકળવકળ ઘૂમી રહી છે, જેમના કાન ગીત-સંગીતને ઝંખે છે, સુગંધ આવતા જેઓ પ્રસન્નતાનો અનુભવ કરે છે, ભાવતી વસ્તુનો ત્યાગ કરવાનું જેમનામાં સત્ત્વ નથી, ત્વચાને આનંદદાયક કોમળ સ્પર્શના જેઓ ખપી છે, તેવા જીવો ચારિત્રના ભારને સપનામાં ય વહન કરી શકે તેમ નથી. ચારિત્રની દુષ્કરતાની જેટલી ઉપમાઓ છે, એ બધી આવા જીવોને અનુલક્ષીને જ છે. ભાવશ્રમણને માટે તો શીલવહન એ સહજ છે.

હાથીની અંબાડી ગધેડા પર નાખી દેવાય, તો બિચારા ગધેડાની કેવી હાલત થાય ? અંબાડીમાં કોઈના બેસવાની વાત તો દૂર રહી, ખાલી અંબાડીને પણ ગધેડો ઉપાડી ન શકે. અંબાડી ઉપાડવી એ તો હાથીનું કામ. શીલનો ભાર વહન કરવો એ તો ભાવશ્રમણનું કામ. ॥૧૭॥

બીજી કોઈ વ્યક્તિ આ ક્ષેત્રમાં આવે, એ તેના માટે 'રોંગ નંબર' જેવી વસ્તુ છે. વિશિષ્ટ ચારિત્રી માટે એમ કહેવાય છે કે એ તો જાણે ચોથા આરાના મુનિઓના સાર્થમાંથી ભૂલા પડીને અહીં આવી ચડ્યા. એ જ રીતે



વિષયાસક્ત જીવ પ્રવ્રજ્યાના ક્ષેત્રમાં આવી ચડે, તો તેને માટે પણ કહી શકાય કે આ જીવ અહીં ભૂલો પડ્યો છે. હા, આ બંને 'ભૂલા પડવામાં' આસમાન-ધરતીનો ફરક છે. પહેલામાં ઉચ્ચક્ષેત્ર પ્રાયોગ્ય વ્યક્તિની વાત છે, બીજામાં નીચક્ષેત્ર પ્રાયોગ્ય વ્યક્તિની વાત છે.

પ્રવ્રજ્યા એ અલગ ક્ષેત્ર છે, એમાં ડગલે ને પગલે સાવદ્યનો પરિહાર કરવાનો છે. ષટ્કાયની વિરાધના એ પણ સાવદ્ય (પાપસહિત) છે. અને આત્માની વિરાધના એ પણ સાવદ્ય છે. વિષય અને કષાયની પરિણતિથી આત્મદ્રવ્ય કલુષિત થાય એ આત્માની વિરાધના છે. નિરવદ્ય યોગ એનું જ નામ પ્રવ્રજ્યા, સાવદ્યયોગોનો સર્વથા ત્યાગ એનું જ નામ પ્રવ્રજ્યા.

અને પ્રમાદ એ અલગ ક્ષેત્ર છે. વિષય-કષાયોમાં રાચતો જીવ પ્રવ્રજ્યાથી લાખો યોજન દૂર છે. આ બે ક્ષેત્રનો કદી મેળ ખાય એમ નથી. એક સાથે આ બંને ક્ષેત્રમાં પગ રાખવો શક્ય જ નથી. પ્રમાદમગ્ન જીવ પ્રવ્રજ્યાના ક્ષેત્રમાંથી આપોઆપ ફેંકાઈ જાય છે. ॥૧૮॥

ક્યાં ભગવાને કહેલી ભિક્ષુપ્રતિમાઓ ? ક્યાં શ્રમણસિંહના અજબ-ગજબના પરાક્રમો ? ક્યાં મરણાંત ઉપસર્ગોને ભેટવાની તૈયારી ? અને ક્યાં આજની

સુખશીલતા ? ક્યાં વિષયાસક્ત જીવોની પ્રમાદમગ્નતા? ખરેખર, હાથીના ચાવવાના દાંત અને દેખાડવાના દાંત જુદા હોય છે. તેમ શ્રમણસિંહોનો વેષ ધારણ કર્યા પછી એ વેષની ભીતરમાં જો કાયરતા અને સુખશીલતા જ હોય તો એ ખૂબ શોચનીય છે. ॥૧૯॥

વાંસના જંગલો જોયા છે ? મોટા મોટા બાંબુ હોય. એક બાંબુને નીચેથી કાપી નાખવામાં આવે, તો ય તે જમીન પર પડે નહીં. કારણ કે વાંસની અત્યંત ગીચ ઝાડીમાં તેને પડવાની જગ્યા જ ન રહી હોય.

वेणुर्विलूनमूलोऽपि, वंशगहने महीं नैति- મૂળથી કાપી નાખેલો વાંસ પણ વાંસની ઝાડીમાં જમીન પર પડતો નથી.

અરે, પડવાની વાત તો જવા દો એ ગીચ ઝાડીમાંથી વાંસને બહાર કાઢવો પણ ખૂબ મુશ્કેલ હોય છે. વાંસને કાપવો સહેલો પણ વાંસને બહાર કાઢવો મુશ્કેલ છે. એ જ રીતે પ્રવ્રજ્યાનું ગ્રહણ કરવું સહેલું છે, પણ શીલનો ભાર ઉંચકવો એ મુશ્કેલ છે. પ્રવ્રજ્યાનું પરિશુદ્ધ પાલન કરવું દુષ્કર છે.

વિષમતા એ સર્જાય છે કે સરળ કાર્યમાં જે



વીર્યોલ્લાસ હોય છે, એટલો પણ વીર્યોલ્લાસ દુષ્કર કાર્યમાં રહે કે કેમ એ પ્રશ્ન છે. અરે ભાઈ ! દુષ્કર કાર્યમાં તો હજી વધુ વીર્યોલ્લાસ જોઈએ. કમ સે કમ તે જે ઉલ્લાસથી દીક્ષા લીધી હતી તેને તો ટકાવી રાખ. એટલા ઉલ્લાસ વિના તો પ્રવ્રજ્યાનું પરિશુદ્ધ પાલન બિલ્કુલ અશક્ય છે. માટે જ દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે -

जाइ सद्धाइ निक्खंतो परियायठाणमुत्तमं ।
तमेव अणुपालिज्जा० (૮)

જે શ્રદ્ધા સાથે તે શ્રેષ્ઠ પ્રવ્રજ્યા સ્થાન પ્રત્યે નિષ્ક્રમણ કર્યું હતું, તે શ્રદ્ધાને તું બરાબર ટકાવી જ રાખ. ॥૨૦॥

ભાર ચાહે ગમે તેટલો હોય, ઉપાડનાર ચાહે તો તેને અધવચ્ચે મુકીને થાક ખાઈ શકે છે - વિશ્રામ કરી શકે છે. પણ શીલનો ભાર એવો છે, કે જેને ઉંચક્યા પછી કદી પણ નીચે મુકવાનો નથી. કદી પણ વિશ્રામ કરવાનો નથી.

કોંકણ નામનું નગર હતું. તે સહ્ય પર્વતની તળેટીમાં આવેલું હતું. ત્યાંના રાજા તે પર્વત પર મજૂરો દ્વારા અનાજની ગુણો ચડાવતાં હતાં. એક વાર રાજા

પાલખીમાં બેસીને ત્યાંથી પસાર થતો હતો. ભાર ઉંચકતા મજૂરોને જોઈને તેને ખૂબ દયા આવી. રાજાએ મજૂરોને એવું વરદાન આપ્યું કે, એમને (મજૂરોને) મારે પણ રસ્તો આપવો, પણ તેમણે કદી કોઇને રસ્તો ન આપવો.

અર્થાત્ સાંકડા રસ્તામાં સામેથી કોઈ આવે તો એક જણને બાજુમાં ખસીને ઊભા રહી જવું પડે, એવા સંયોગોમાં બધાએ બાજુમાં ખસીને આ મજૂરોને રસ્તો આપી દેવો, હું હોઉં તો મારે પણ તેમને રસ્તો આપી દેવાનો. પણ મજૂરોએ કોઇને રસ્તો નહીં આપવાનો. એમણે તો ઝપાટાબંધ ચાલીને પોતાનો ભાર જ્યાં લઈ જવાનો હોય, ત્યાં પહોંચાડી દેવો, જેથી તેમને વધુ કષ્ટ ન પડે.

આ વરદાનથી મજૂરો ખુશ થઈ ગયા. આ બાજુ સિંધુદેશમાં કોઈ ઉત્તમ મુનિ હતા. પણ એક વાર તેમને વિષયવાસના ખૂબ સતાવવા લાગી. તેથી તેમણે દીક્ષા છોડી દીધી. છતાં પણ તેમનું હૃદય શુદ્ધ હતું. તેમણે વિચાર્યું કે હું ભાર ઉપાડવાનું કામ કરું અને તેના દ્વારા મારા આત્માનું દમન કરું. મોહાધીન થઈને મેં તપ અને સંયમથી તો આત્મદમન કર્યું નહીં. તો હવે ભારથી તો મારા આત્માનું દમન કરું. ખરેખર, આત્માનું જ દમન



કરવા જેવું છે, આત્માનું દમન કરવું કઠિન કાર્ય છે, આત્માનું દમન કરી લેવાય, તો એ આત્મા આલોકમાં અને પરલોકમાં સુખી થાય છે.

આમ વિચારીને તે મજૂરો સાથે રહેવા લાગ્યા, અને મોટો ભાર ઉપાડવા લાગ્યા. મોટો ભાર ઉપાડવાનું તેમનું સામર્થ્ય જોઇને રાજા અને પ્રજા પણ ચકિત થઇ ગયા. બીજા મજૂરો તેમની ઈર્ષ્યા કરવા લાગ્યા અને તેમના દોષો શોધવા લાગ્યા.

એક વાર એ પર્વત પર ચડતા તેમણે સામેથી એક મહાત્માને આવતા જોયા. તેમણે ખસીને તે મહાત્માને માર્ગ આપી દીધો. આ દૃશ્ય મજૂરોએ જોયું અને રાજાની કાનભંભેરણી કરી કે, 'આપના વરદાનનું એણે વિલોપન કર્યું છે.' રાજાએ તેમને બોલાવીને કારણ પૂછ્યું. તેમણે કહ્યું કે 'અમે ભાર ઉપાડીએ છીએ, માટે આપે અમને વરદાન આપ્યું છે. તો જે ભાર હું ઉપાડી ન શક્યો, તેથી જ જે ભારને મેં છોડી દીધો, એ ભારને જેઓ ઉપાડે છે, શું તેમને માટે રસ્તો ન આપવો જોઈએ ?'

આ સાંભળીને પેલા મજૂરો ગુસ્સે થઈને કહેવા લાગ્યા, 'રાજાજી ! તે મહાત્માએ તો એક તણખલું ય ઉપાડ્યું ન હતું. આ ખોટું બોલે છે.' રાજાએ તેમને ફરી

ખુલાસો કરવા કહ્યું. જવાબ મળ્યો, 'અત્યંત મુશ્કેલીથી વહન કરી શકાય, એવો કોઈ ભાર હોય, તો એ છે શીલાંગોનો ભાર. બીજા ભારોને વહન કરતા તો વચ્ચે વિશ્રામ પણ કરી શકાય. શીલનો ભાર તો વિશ્રામ કર્યા વગર જ આખી જિંદગી સુધી વહન કરવાનો હોય છે.'

આ સાંભળીને અનેક લોકો વૈરાગ્ય પામ્યા. આ વાત કહેતા તેઓ પોતે પણ સંવેગથી ગદ્ગદ્ થઇ ગયા. તેમણે ફરીથી દીક્ષા લીધી. તેમની સાથે બીજા પણ કેટલાક પુણ્યાત્માઓએ દીક્ષા લીધી. અન્ય ભવ્યાત્માઓએ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો.

આ રીતે સમજીને શ્રમણે શીલભારને અપ્રમત્તપણે વહન કરવો જોઈએ. એક સમય માટે પણ તેને બાજુમાં મુકવાનો વિચાર પણ ન કરવો જોઈએ. ॥૨૧॥

જેમણે શીલનો નિર્વાહ કર્યો છે તેમની અનુમોદનારૂપ એવું આઠમું દ્વાર કહે છે -

**ता तुंगो मेरुगिरी मयरहरो ताव होई दुत्तारो ।**
**ता विसमा कज्जगई जाव न धीरा पवज्जंति ॥२२॥**
**ता विच्छिन्नं गयणं तावच्चिअ जलहिणो अ गंभीरा ।**
**ता गुरुआ कुलसेला धीरेहिं न जा तुलिज्जंति ॥२३॥**



**दुच्चिअ जए गईओ साहसवंताण हुंति पुरिसाणं ।**
**धिल्लाहलकमलहत्था रायसिरी अहव पव्वज्जा ॥२४॥**

**મેરુ પર્વત ત્યાં સુધી જ ઉત્તુંગ છે, સાગર ત્યાં સુધી જ દુસ્તર છે, કાર્યની ગતિ ત્યાં સુધી જ વિષમ છે, કે જ્યાં સુધી ધીર પુરુષો તેનો સ્વીકાર ન કરી લે. ॥૨૨॥**

**આકાશ ત્યાં સુધી જ વિસ્તીર્ણ છે, સમુદ્રો ત્યાં સુધી જ ગંભીર છે, અને કુલાચલો ત્યાં સુધી જ મોટા છે, કે જ્યાં સુધી ધીરપુરુષો તેમની તુલના ન કરે. ॥૨૩॥**

**જગતમાં સાહસિક પુરુષોની બે જ ગતિઓ હોય છે. એક તો વિકસિતકમળ જેના હાથમાં છે એવી રાજ્યલક્ષ્મી અને બીજી પ્રવ્રજ્યા. ॥૨૪॥**

એક ફિલોસોફરે કહ્યું છે કે 'તમારું ઘર જ્વાળામુખી પર્વતના શિખર ઉપર બાંધજો' પ્રત્યેક આપત્તિનો સામી છાતીએ મુકાબલો કરવા સજ્જ રહેજો, એવો એ ચિંતકનો આશય છે.

સ્વામી વિવેકાનંદ નાના હતા ત્યારે જંગલમાં ફરવા ગયા. ત્યાં વાંદરાઓ તેમની પાછળ ચાલવા લાગ્યા. વિવેકાનંદ ગભરાઈને દોડ્યા, તો વાંદરાઓ પણ દોડવા લાગ્યા. ક્યાં વાંદરાઓની દોટ ને ક્યાં તેમની દોટ ?

વિવેકાનંદ ખૂબ મુંઝાઈ ગયાં. એવામાં કો'ક ભીલ આવી ચડ્યો. તેણે કહ્યું, 'દોડો નહીં, સામે થાઓ.' વિવેકાનંદ સામે થયા, એની સાથે જ વાંદરાઓ ઉભી પૂંછડીએ ભાગી ગયાં.

પ્રકરણકારશ્રીના શબ્દો ખૂબ પ્રેરક છે - ता विसमा कज्जगइ जाव न धीरा पवज्जंति । મુશ્કેલ તો કોઈ કાર્ય હોતું જ નથી, હોય, તો ત્યાં સુધી જ કે જ્યાં સુધી ધીર પુરુષો તે કાર્યને હાથમાં ન લે. એક વાર તેઓ કાર્યને હાથમાં લે, પછી તો તે કાર્યને પૂર્ણ થયે જ છૂટકો છે.

ધીરપુરુષો પ્રવ્રજ્યાની દુષ્કરતાને જેમ જેમ જાણતા જાય, તેમ તેમ તેમનો પ્રવ્રજ્યાનો ઉલ્લાસ વધતો જાય, જે ખરો મલ્લ હોય તેને નબળા સાથે યુદ્ધ કરવું ન ગમે, તેનું તો એક જ સૂત્ર હોય, 'બાથ ભીડવી તો સિંહ સાથે.'

ભૂખી વાઘણની સામે 'અપ્પાણં વોસિરામિ' કરનારા સુકોશલ મુનિ, વજસ્વામીની સાથે અનશન લેવા જીદે ચડીને મીણ જેવી કાયાને ધગધગતી શિલા પર ઓગાળી દેનારા બાળમુનિ, શેરડીના ખેતરમાં દંશ પરીષહની 'મજા' માણીને રાતોરાત કેવળજ્ઞાન અને નિર્વાણ પામી જનારા મહામુનિ, કચકચાવીને બાંધેલી



વાધરથી ડોળા નીસરી પડ્યા, તો ય અડોલ સત્ત્વના આસામી મેતારાજ મુનિ, 'મોક્ષ પાઘડી'નું ગૌરવ અનુભવતા ગજસુકુમાલ મુનિ, ગજબના 'ચાર્મ' સાથે ચામડી ઉતરાવતા ખંધકમુનિ...

કમાલ... કમાલ.. ता गुरुआ कुलसेला धीरेहिं न जा तुलिज्जंति – પ્રકરણકારશ્રીની આ પંક્તિ આ પરમ પુરુષોમાં પ્રત્યક્ષપણે તરવરી રહી છે. ઠાણાંગસૂત્રમાં કહેલા સિંહનિષ્ક્રમણ અને સિંહવિહારનું આ મહાપુરુષો તાદશ દષ્ટાંત પૂરું પાડી રહ્યા છે.

આવા મહાપુરુષોના જન્માક્ષર જોઈને જ્યોતિષીઓ ભવિષ્યવાણી કરતા કે કાં તો આ જાતક મહારાજા બનશે અને કાં તો ભાવિતાત્મા અણગાર બનશે. મહાપુરુષો કદી સમૃદ્ધિરહિત ન હોય. કાં તો તેઓ ભૌતિક સમૃદ્ધિના શિખરે હોય, અને કાં તો આધ્યાત્મિક સમૃદ્ધિની ટોચે હોય.

વાસ્તવમાં તો આધ્યાત્મિક સમૃદ્ધિ જ ખરી સમૃદ્ધિ છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે -

स खलु सुखी, योऽमुत्रसुखाविरोधेन सुखमनुभवति । વાસ્તવિક સુખી તે છે, કે જે પારલૌકિક સુખને અવિરોધી

એવું સુખ અનુભવે છે. જે સુખી પરલોકમાં દુઃખી દુઃખી થઈ જવાનો હોય, એ તો વાસ્તવમાં સુખી જ નથી. એ જ રીતે સમૃદ્ધિ પણ તે જ વાસ્તવિક છે, કે જેનાથી પરલોકમાં બરબાદી ન આવે. પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ યોગબિંદુમાં કહ્યું છે -

सिद्ध्यन्तरं न सन्धत्ते या साऽवश्यं पतत्यधः ।
तत्छक्त्याप्यनुविद्धैव पातोऽसौ तत्त्वतो मतः ॥

જે સિદ્ધિ બીજી સિદ્ધિને ખેંચી લાવતી નથી, તે સિદ્ધિનું અવશ્ય પતન થાય છે. માટે તેવી સિદ્ધિ પતન પૂર્વે પણ પતન પામવાના સ્વભાવવાળી હતી જ. તેથી વિદ્વાનો તો તેને વાસ્તવમાં સિદ્ધિ નહીં, પણ પતન જ માને છે.

સાધનાની ઉત્તરોત્તર વિશુદ્ધકક્ષાની પ્રાપ્તિની વાત હોય, સમૃદ્ધિની વાત હોય, કે સુખની વાત હોય, સર્વત્ર આ ન્યાય લાગુ પડે છે. સમૃદ્ધિને તાણી લાવે એ જ ખરી સમૃદ્ધિ. સુખોને ખેંચી લાવે એ જ ખરું સુખ. હવે મોહવૃક્ષનો ઉચ્છેદ નામનું નવમું દ્વાર કહે છે -

**अइगुरुओ मोहतरु अणाइभवभावणाविगयमूलो ।**
**दुक्खं उम्मूलिज्जइ अच्चंतं अप्पमत्तेहिं ॥२५॥**



**અનાદિ સંસારભાવના જેના મૂળરૂપે નિશ્ચિત થઈ છે એવું ઘણું મોટું મોહવૃક્ષ અત્યંત અપ્રમત્તો વડે જ કષ્ટપૂર્વક ઉખેડાય છે. ॥૨૫॥**

મોહ એક વૃક્ષ સમાન છે. જેનું મૂળ છે અનાદિકાલીન ભવભાવના. મૂળ છે તો વૃક્ષ છે, અને જ્યાં સુધી આ વૃક્ષ છે ત્યાં સુધી દુઃખ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે -

'दुक्खं हयं जस्स न होइ मोहो'

જેને મોહ નથી, તેનું દુઃખ ખતમ થઈ ગયું છે.

દુઃખ એ સંસારનો પર્યાય છે. સંસારનો અંત એ દુઃખના અંત બરાબર છે. દુઃખનો અંત કરવા માટે મોહવૃક્ષને ઉખેડવું આવશ્યક છે. તેના માટે તેના મૂળ-ભવભાવના પર પ્રહાર કરવો અનિવાર્ય છે.

**શંકા -** બાર ભાવનામાં સંસારભાવના પણ આવે છે, તેથી જે ભાવવા યોગ્ય છે, તેના પર પ્રહાર કરવાની વાત શી રીતે કહી શકાય ?

**સમાધાન -** બાર ભાવનામાં જે સંસાર ભાવનાની વાત છે, તેમાં સંસારની નિર્ગુણતા, પરાવર્તનશીલતા

વગેરેનો સમાવેશ થાય છે. આ સંસારભાવના ચિંતનીય છે. પણ પ્રસ્તુતમાં જે સંસારભાવનાની વાત છે, તેમાં સંસારને જ ઉપાદેય માનવારૂપ - સંસારમાં આનંદ પામવા રૂપ ભવભાવના છે. આ ભવભાવના તો મોહવૃક્ષનું મૂળ છે, તેથી તેના પર તો પ્રહાર જ કરવો જોઈએ.

અન્યત્ર પણ કહ્યું છે -

अनादितरसंसार - भावनादृढमूलवान् ।
रागद्वेषद्वयी शाख - कषायप्रतिशाखकः ॥
विषयछदनच्छन्नो, दुःखपुष्पौघपुष्पितः ।
मोहद्रुमः फलत्येव, फलेन नरकेण तु ॥

મોહ એક વૃક્ષ સમાન છે. અનાદિકાલીન ભવ-ભાવના એ જ એનું મજબૂત મૂળ છે. રાગ-દ્વેષ એ જ એની શાખાઓ છે, કષાયો એની પ્રતિશાખાઓ છે. વિષયોરૂપી પાંદડાઓથી એ છવાયેલો છે, દુઃખોરૂપી ફૂલોના સમૂહથી એ પુષ્પિત (ફૂલવાળો) છે. આ મોહવૃક્ષ નરકરૂપી ફળ આપે જ છે.

કો'ક માણસે બી વાવ્યુ, બીજા દિવસે અંકુરો ફૂટ્યો. કોણ જાણે કેમ ? એણે એ અંકુરો ખેંચી કાઢ્યા. બીજમાંથી ફૂટેલા ફણગા જેવા મૂળ સાથે બધુ હાથમાં આવી ગયું, એ પણ સાવ સરળતાથી. માનો કે એણે ત્રીજા દિવસે



અંકુરાને ઉખેડ્યો હોત તો થોડી ઓછી સરલતાથી ઉખેડાયો હોત એમ યાવત્ મહિને- બે મહિને ઉખેડવા જાય, તો કદાચ બે હાથે જોર કરીને ઉખેડવો પડે, વરસે- બે વરસે ઉખેડવા કદાચ બીજાની મદદ લેવી પડે, પણ જો ૨૦૦-૩૦૦ વર્ષ જૂનું વિરાટકાય વટવૃક્ષ હોય તો ? રે, તેને ઉખેડવાની કલ્પના પણ કંપાવી દે.

શ્રમણે તો મોહવૃક્ષને ઉખેડવાનું છે. જે સેંકડો-હજારો વર્ષો નહીં, લાખો-કરોડો-અબજો વર્ષો પણ નહીં, અરે અસંખ્ય વર્ષો પણ નહીં, પણ અનંત અનંત અનંત કાળ જુનો છે. ભવભાવના રૂપી એના મૂળિયા કેટલા ઊંડા છે, તેની કલ્પના પણ થઈ શકે એમ નથી. શે ઉખેડવો આ મોહવૃક્ષને ?

પ્રકરણકારશ્રી જવાબ આપે છે -

दुक्खं उम्मूलिज्जइ अच्चंतं अप्पमत्तेहिं - જેઓ અત્યંત અપ્રમાદભાવને ધારણ કરે, તેઓ કષ્ટપૂર્વક આ વૃક્ષને ઉખેડી શકે છે. આશય એ છે કે અત્યંત અપ્રમત્ત આત્માઓ પણ સરળતાથી આ વૃક્ષને ઉખેડી ન શકે, તેઓ પણ તીવ્ર પુરુષાર્થ કરે તો જ મોહવૃક્ષનું ઉન્મૂલન કરવા માટે આવો પુરુષાર્થ કરવો પડે, તેમાં કોઈ આશ્ચર્ય નથી. ॥૨૫॥

હવે ધર્મસર્વસ્વદેશના નામનું દશમું દ્વાર કહે છે -

**खणभंगुरे सरीरे मणुअभवे अब्भपडलसारिच्छे ।**
**सारं इत्तिअमित्तं कीरइ जं सोहणो धम्मो ॥२६॥**

**શરીર ક્ષણભંગુર છે. મનુષ્યભવ વાદળાના સમૂહ જેવો છે. આ સ્થિતિમાં સાર એટલો જ છે, કે જે સુંદર ધર્મ કરાય.**

યે કાયા કાચ કા કુંભા૦
પલક મેં ફુટ જાયેગા.

ખાંતિવિજયજી મહારાજની આ પંક્તિઓ ત્યારે સાક્ષાત્ બનતી દેખાય છે, જ્યારે રાતોરાત કેન્સરના કીટાણુઓ પોતાનું પોત પ્રકાશે છે. જ્યારે બે બસ વચ્ચે એક નવયુવાનની ચટણી થઇ જાય છે. જ્યારે ફાસ્ટ ટ્રેનની ઝપટમાં આવી ગયેલા બાળકના શરીરના હજારો ટુકડા થઇ જાય છે, એ પણ માત્ર આંખના પલકારામાં.. ખરેખર, શરીર ક્ષણભંગુર છે. બીજી ક્ષણે તેની કઇ દશા હશે, એ માટે નિશ્ચયપૂર્વક કાંઇ જ કહી શકાય એવું નથી. તો પછી આ શરીરનો સાધના દ્વારા કસ કેમ ન કાઢી લેવો ? શરીરને ગમે તેટલું સાચવવા છતાં તે શીર્ણ-વિશીર્ણ થઇ ગયા વિના રહેવાનું નથી. તો પછી આ શરીર દ્વારા ધર્મને જ કેમ ન સાચવી લેવો ?



શરીર નષ્ટ થશે, તો બીજા જન્મમાં બીજું શરીર મળશે, આવી આશા સાચી એટલા માટે છે કે મોક્ષ નહીં થાય, ત્યાં સુધી પ્રત્યેક ભવમાં ઔદારિક કે વૈક્રિય શરીર મળતા જ રહેશે. વળી તૈજસ-કાર્મણ શરીર તો એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે પણ સાથે જ રહે છે. પણ એ આશા ખોટી એટલા માટે છે કે મળનારું શરીર મનુષ્યનું હોય એવી શક્યતા નહીવત્ છે. મનુષ્યભવ તો વાદળાના મેળા જેવો છે. વાદળાનો કોઈ આકાર રચાઈને છૂટ્ટો પડી જાય, પછી ફરીથી એ આકાર ક્યારે રચાય ? એવી જ રીતે એક વાર મનુષ્યભવ મળ્યા પછી ફરીથી તે અનંતકાળે પણ મળે કે કેમ ? એ પ્રશ્ન છે. માટે આ જ ભવમાં આત્માનું કલ્યાણ કરવા માટે તીવ્ર પુરુષાર્થ કરવો જોઈએ.

બીજી રીતે વિચારીએ તો વાદળાઓ ઘડીકમાં ક્યાં જતા રહ્યા એ જણાતું નથી, એમ મનુષ્ય ભવ પણ ક્યારે જતો રહ્યો એ ખ્યાલ આવતો નથી. આયુષ્ય સાવ થોડું છે. જે છે એ ય પૂરું થશે કે વચ્ચેથી જ કો'ક ઉપક્રમથી જીવડો પરલોકની યાત્રાએ ઉપડી જશે, એ પણ નક્કી નથી.

ત્રીજો અર્થ એ થઇ શકે કે વાદળાઓમાં રચાયેલા આકાર મનોહર હોય, તો ય સત્ય નથી. તેમ મનુષ્યભવમાં પરિવાર, સંપત્તિ, સત્તા વગેરે સારા મળ્યા

હોય, તો ય તે સત્ય નથી. વાદળાના આકાર ઘડી-બે ઘડીમાં પલટાઈ જાય છે. પરિવારાદિ થોડા લાંબા સમયે પલટાય છે. યા તો સંબંધી ન રહે, અને યા તો સંબંધ ન રહે.

असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिवत्
चेतनाचेतनाः सर्वभावाः ।
इन्द्रजालोपमाः स्वजनधनसङ्गमा-
स्तेषु रज्यन्ति मूढस्वभावाः ॥ (શાંત સુધારસ-૧-૭)

ચેતન અને અચેતન આ બધા પદાર્થોમાં અનેક વાર દરિયાના મોજાની જેમ ભરતી - ઓટ આવે છે. સગા - સંબંધીઓ - સંપત્તિ આ બધાનો મેળાપ ઈન્દ્રજાળ જેવો છે. તેમાં મૂઢ સ્વભાવી જીવો જ રતિ પામે છે.

અરે, વાદળા તો ઘડી-બેઘડી રહે પણ ખરાં, સાંસારિક સંયોગો એટલું રહે જ, એવી કોઈ ગેરંટી ખરી? પછી આ સંયોગોમાં શા માટે રાચવું ? નશ્વર વસ્તુ માટે શાશ્વત આત્મકલ્યાણની કેમ ઉપેક્ષા કરવી ? માટે આ સ્થિતિમાં એ જ સાર છે, કે ધર્મની સુંદર આરાધના કરવા દ્વારા આત્માનું કાર્ય સાધી લેવાય. ॥૨૬॥

આ રીતે પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ પૂર્ણ થાય છે. આ પ્રકરણમાં પ્રક્ષિપ્ત ગાથાઓ પણ દેખાય છે. જે આ મુજબ છે—



**पूअंति जे जिणिंदे वयाइं धारंति सुद्धसम्मत्ता ।**
**साहूण दिन्नदाणा न हु ते मरणाउ बीहंति ॥२७॥**

**જેઓ જિનેન્દ્રોની પૂજા કરે છે, જેઓ વ્રતોને ધારણ કરે છે, જેઓ શુદ્ધ સમ્યક્ત્વી છે, જેમણે સુપાત્રદાન આપ્યું છે, તેઓ મરણથી ડરતા નથી. ॥૨૭॥**

**तवनियमेण य मुक्खो दाणेण य हुंति उत्तमा भोगा ।**
**देवच्चणेण रज्जं अणसणमरणेण इंदत्तं ॥२८॥**

**તપ અને નિયમથી મોક્ષ મળે છે. દાનથી ઉત્તમ ભોગો મળે છે. જિનપૂજાથી રાજ્ય મળે છે. અનશનપૂર્વક મરણ પામવાથી ઈન્દ્રપણું મળે છે. ॥૨૮॥**

**काले सुपत्तदाणं सम्मत्तविसुद्धबोहिलाभं च ।**
**अंते समाहिमरणं अभव्वजीवा न पावंति ॥२९॥**

**અવસરે સુપાત્રદાન, સમ્યક્ત્વ-વિશુદ્ધ બોધિલાભ અને અંતે સમાધિમરણ અભવ્ય જીવો પામી શકતા નથી. ॥૨૯॥**

**अथिरेण थिरो समलेण निम्मलो परवसेण साहीणो ।**
**देहेण जइ विहिज्जइ धम्मो ता किं न पज्जत्तं ? ॥३०॥**

અસ્થિર, મલિન અને પરાધીન એવા શરીરથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન ધર્મ થઇ શકતો હોય, તો શું એટલું પૂરતું નથી ? (અર્થાત્ શું આ સોદો કરી લેવા જેવો નથી લાગતો ?) ॥૩૦॥

जा दव्वे होइ मई अहवा तरुणीसु रुववंतीसु ।
सा जइ जिणवरधम्मे करयलमज्झट्ठिआ सिद्धी ॥३१॥

જે મતિ દ્રવ્ય (ધન વગેરે) માટે થાય છે, (અર્થાત્ ધન વગેરે જેવું ઉપાદેય લાગે છે) અથવા તો રૂપવતી યુવતીઓ પ્રત્યે જેવી (ઉપાદેય) બુદ્ધિ થાય છે, તેવી બુદ્ધિ જો જિનવરકથિત ધર્મ પ્રત્યે થાય, તો સિદ્ધિ હથેળીમાં જ રહેલી છે. ॥૩૧॥

जिणसासणस्स सारो चउदसपुव्वाण जो समुद्धारो ।
जस्स मणे नवकारो संसारो तस्स किं कुणइ ? ॥३२॥

જે જિનશાસનનો સાર છે, તથા જે ચૌદ પૂર્વોનો સમુદ્ધાર છે, એવો નવકાર જેના મનમાં છે, તેને સંસાર શું કરશે ? (અર્થાત્ તેને સંસારનો કોઈ ભય નથી.) ॥૩૨॥

इइ पव्वज्जाविहाणपगरणं सम्मत्तं
આ રીતે પ્રવ્રજ્યાવિધાન પ્રકરણ સમાપ્ત થયું.



# अथ प्रव्रज्याविधानकुलकम्

त्वं धन्योऽसि महात्मन् ! येनासौ पारमेश्वरी दीक्षा ।
लब्धा सम्प्रति यदसा–वतिदुष्प्रापाऽऽगमेऽभिहिता ॥१॥

હે મહાત્મા ! તું ધન્ય છે, કે જેણે હમણા આ ભાગવતી દીક્ષા મેળવી છે. કારણ કે આ દીક્ષા તો આગમમાં ખૂબ દુર્લભ કહી છે. ॥૧॥ તે આ રીતે -

तथाहि–पञ्चेन्द्रियत्वनृत्वा–ऽऽर्यदेशकुलकल्पतायुषां भावे ।
सद्‌गुरुसङ्गश्रवण–श्रद्धासु च सर्वविरतिः स्यात् ॥२॥

પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું, આર્યદેશ, સુકુળ, સમર્થ શરીર, દીર્ઘાયુષ્ય મળે અને તેની સાથે સદ્‌ગુરુનો સંગ, ધર્મશ્રવણ અને શ્રદ્ધા પણ મળે, તો જ સર્વવિરતિ પામી શકાય. ॥૨॥

तदिमां चिन्तामणिकामधेनुकल्पद्रुमोपमां लब्ध्वा ।
दीक्षां क्षणमपि कार्यो न हि प्रमादस्त्वया तस्याम् ॥३॥

આ દીક્ષા તો ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષ જેવી છે. માટે તેને પામીને તારે તેમાં ક્ષણ માટે પણ પ્રમાદ ન કરવો. ॥૩॥

ग्रहणाऽऽसेवनशिक्षा-विषये यतितव्यमविरतमिदानीम् ।
धर्मतरुमूलकल्पे विनयेऽभिरतिर्विधातव्या ॥४॥

હવે ગ્રહણશિક્ષા (થિયરીકલ જ્ઞાન) અને આસેવન શિક્ષા (પ્રેક્ટીકલ જ્ઞાન)ના વિષયમાં સતત યત્ન કરવો અને ધર્મરૂપી વૃક્ષના મૂળ સમાન એવા વિનયમાં રમણ કરવું. (વિનયનું સારી રીતે પાલન કરવું.) ॥૪॥

पञ्चमहाव्रतरत्नानि नित्यमेवानुशीलनीयानि ।
षड्विध जीवनिकायो, हि रक्षणीयः स्वजीववत् ( इव ) ॥५।

પાંચ મહાવ્રતોરૂપી રત્નોનું હંમેશા અનુપાલન કરવું. (નિરતિચારપણે પાંચ મહાવ્રતો પાળવા). અને પોતાના જીવની જેમ છકાયના જીવોની રક્ષા કરવી. ॥૫॥

वाक्यं मृषा न वाच्यं, परपीडाहेतुकं च सावद्यम् ।
नैवादत्तं स्तोकमपि, वस्तु परकीयमादेयम् ॥६॥

અસત્ય વચન, બીજાની પીડાનું કારણ થાય એવું વચન અને સાવદ્ય વચન ન બોલવું. બીજાએ આપી ન હોય એવી બીજાની થોડી પણ વસ્તુ ન લેવી. ॥૬॥

चरणीयं ब्रह्मव्रत-मनघं श्रीस्थूलभद्रमुनिनेव ।
मूर्च्छापरिग्रहोऽपि च, परिहार्योऽनेकदोषनिधिः ॥७॥



શ્રી સ્થૂલભદ્રમુનિની જેમ નિષ્કલંક બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. મૂર્ચ્છારૂપ પરિગ્રહ અનેક દોષોના ભંડાર જેવો છે. તેનો પણ ત્યાગ કરવો. ॥૭॥

वर्ज्यं च चतुर्भङ्ग्यपि, सर्वदा रात्रिभोजनं सर्वम् ।
विज्ञानाराधनयो-र्यतितव्यं चरणकरणानाम् ॥८॥

ચારે ભાંગાવાળું સર્વ રાત્રિભોજન હંમેશા ત્યજવું. ચરણ અને કરણના જ્ઞાન અને તેની આરાધના માટે યત્ન કરવો. (ચરણસિત્તરી- કરણસિત્તરી મૂલગુણ વગેરેના સમાવેશથી નિષ્પન્ન થાય છે. અન્ય ગ્રંથોથી તેની વિસ્તૃત માહિતી મેળવી શકાય.) ॥૮॥

दशविधदशधा( ? )सामा-चार्याः कार्यस्तथाऽऽदरः परमः ।
सच्चक्रवालसामा-चारी चाहर्निशं सेव्या ॥९॥

દશ પ્રકારની સામાચારીમાં પરમ આદર કરવો. આ દશ પ્રકારની સમ્યક્ ચક્રવાલ સામાચારીનું હંમેશા સેવન કરવું. ॥૯॥

अष्टावप्याराध्या, मातर इव मातरः प्रवचनस्य ।
शीलाङ्गानामष्टा-दशसाहस्त्री च वोढव्या ॥१०॥

માતાઓ જેવી આઠે પ્રવચનમાતાઓની આરાધના કરવી. અઢાર હજાર શીલાંગોને ધારણ કરવા. ॥૧૦॥

कार्या च पिण्डशय्या-कर्पटयात्रादिविषयिणी शुद्धिः ।
ग्रामकुलस्वजनादिषु, परिहरणीयं ममत्वं च ॥११॥

પિંડ (ગોચરી, પાણી, ઉપધિ વગેરે), શય્યા, કપડા, સંયમચર્યા વગેરેના વિષયમાં શુદ્ધિ કરવી. અને ગામ, કુળ, સ્વજન વગેરે પ્રત્યે મમત્વનો પરિહાર કરવો. ॥૧૧॥

गुणवृद्धिमूलहेतु-गुरुकुलवासो न जातु मोक्तव्यः ।
कर्तव्या द्रव्यादि-प्रतिबद्धाऽभिग्रहजिघृक्षा ॥१२॥

ગુણવૃદ્ધિના મૂળ કારણ એવા ગુરુકુળવાસને કદી છોડવો નહીં, દ્રવ્ય વગેરેમાં પ્રતિબદ્ધ (દ્રવ્ય ક્ષેત્ર- કાળ-ભાવ સંબંધી) એવા અભિગ્રહોને ગ્રહણ કરવાની ઈચ્છા કરવી. ॥૧૨॥

विकृतित्यागः षष्ठा-ष्टमादिकष्टं तपश्च चरणीयम् ।
जेया परीषहचमू-र्महोपसर्गाश्च सोढव्याः ॥१३॥

વિગઈત્યાગ કરવો, છઠ્ઠ-અઠ્ઠમ વગેરે કષ્ટરૂપ તપશ્ચર્યા કરવી. પરીષહોની સેનાને જીતવી અને મોટા ઉપસર્ગોને સહન કરવા. ॥૧૩॥

अनियतवासो भिक्षाटनं च तलिकोपभोगपरिहारः ।
शीतातपदंशाद्या-हितपीडाविषहणं कार्यम् ॥१४॥



અનિયતવાસ (ચાતુર્માસમાં ચાર મહિના અને એ સિવાય માસકલ્પ આટલા કાળથી વધુ સમય એક સ્થાને ન રહેવું.) ભિક્ષાચર્યા, ગાદીના વપરાશનો ત્યાગ, ઠંડી-ગરમી -મચ્છર વગેરેના ડંખ આદિથી થયેલી પીડાને સમતાથી સહન કરવી- આ આચારોનું પાલન કરવું જોઈએ. ॥૧૪॥

स्नानविलेपनभूषा-द्यभिलाषश्चेतसाऽपि नो कार्यः ।
भूमौ शयनक्लेशो, लुञ्चनमपि दुष्करं सह्यम् ॥१५॥

સ્નાન, વિલેપન, વિભૂષા વગેરેની મનથી ઈચ્છા પણ ન કરવી. જમીન પર સૂવાનું કષ્ટ અને દુષ્કર એવો લોચ પણ સહન કરવો જોઈએ. ॥૧૫॥

प्रतिमाभ्यासः कायोत्सर्गो नानाविधासनविधानम् ।
इत्यादिरनेकविधः, कायक्लेशो विधातव्यः ॥१६॥

પ્રતિમાનો અભ્યાસ, કાઉસ્સગ, અનેક પ્રકારના આસનો (પદ્માસન, વીરાસન વગેરે) કરવા, વગેરે અનેક પ્રકારનો કાયક્લેશ કરવો. ॥૧૬॥

क्षान्तिक्षमैश्च भाव्यं, क्रोधाहङ्कारनिकृतिलोभाश्च ।
शत्रव इव निग्राह्या, दमनीयः करणहयनिचयः ॥१७॥

(ભય, લોભ વગેરેથી નહીં, પણ) ક્ષમાના ભાવથી સહન કરવું જોઈએ. ક્રોધ, માન, માયા અને લોભનો શત્રુઓની જેમ નિગ્રહ કરવો જોઈએ. ॥૧૭॥

अन्यच्च चरेत्तिष्ठे-दासीत तथा शयीत भुञ्जीत ।
भाषेत शान्तचित्तः, सदैव किल यतनया साधुः ॥१८॥

**અને બીજી વાત, સાધુએ ચાલવું, ઉભા રહેવું, બેસવું, સૂવું, વાપરવું, બોલવું આ બધી ક્રિયાઓ શાંત ચિત્તથી જયણાપૂર્વક કરવી જોઈએ. ॥૧૮॥**

मानापमानलाभालाभेष्वविकारमानसैर्भाव्यम् ।
सोढव्या दुर्जनवचन-कण्टकाहितमहापीडा ॥१९॥

**માન-અપમાન, લાભ-અલાભ આ બધા સંયોગોમાં અવિકૃત મનવાળા થવું. (અર્થાત્ હર્ષ-શોક ન કરવો.) દુર્જનના વચનરૂપી કાંટાઓએ કરેલી પીડાને સહન કરવી. ॥૧૯॥**

दण्डत्रितयं शल्य-त्रयं च विकथा स्वपरपरिवादः ।
ऋद्धिरससातगौरव-मदविषया दूरतस्त्याज्याः ॥२०॥

**મનદંડ-વચનદંડ-કાયદંડ એમ ત્રણ દંડ, માયાશલ્ય-નિદાનશલ્ય-મિથ્યાત્વશલ્ય એમ ત્રણ શલ્ય, રાજકથા-ભક્તકથા- દેશકથા- સ્ત્રીકથા એમ ચાર વિકથાઓ, પોતાનાથી અન્ય એવા લોકોની નિંદા (આત્મનિંદા ગુણરૂપ હોવાથી એનો નિષેધ નથી. પરનિંદા દોષરૂપ છે, માટે તેનો જ નિષધ કરવા માટે આવો નિર્દેશ કર્યો છે.) તથા**



**ઋદ્ધિગારવ- રસગારવ- શાતાગારવ આ ત્રણ ગારવો અને જાતિ વગેરેના અભિમાનોનો અને ઈષ્ટ વિષયોનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. ॥૨૦॥**

किं बहुना ? पैशाचिक-माख्यानं कुलवधूकथां श्रुत्वा।
नित्यं संयमयोगै-र्धार्यश्चात्माऽक्षणिक एव ॥२१॥

**વધારે કહેવાથી શું ? પિશાચની વાર્તા અને કુલવધૂની કથા સાંભળીને હંમેશા આત્માને સંયમયોગોમાં વ્યસ્ત રાખવો જોઈએ. ॥૨૧॥**

એક વ્યક્તિએ પિશાચને સાધ્યો. તે પિશાચે કહ્યું કે, 'જો મને સતત કોઈ ને કોઈ કામ નહીં આપે તો તારું અનિષ્ટ કરીશ.' સતત તો શું કામ હોય ? તેથી તે વ્યક્તિએ યુક્તિ કરી. પિશાચને કહ્યું કે, 'જ્યારે કોઈ કામ ન આપ્યું હોય, ત્યારે આ થાંભલા પર ચડ ઉતર કર્યા કર.' અનાદિકાળના કુસંસ્કારોથી વાસિત થયેલો આત્મા પણ નવરો પડે તો પોતે પોતાનું અનિષ્ટ કરે છે. માટે તેને સંયમયોગોમાં વ્યસ્ત રાખવો જોઈએ.

એક કુળવધૂનો પતિ પરદેશ ગયો હતો. સસરાએ જોયું કે એનું મન વિહ્વળ છે, કદાચ તે શીલખંડન કરી બેસે.તેની રક્ષા કરવા માટે સસરાએ તેના પર ઘરના કામ-કાજનો પુષ્કળ બોજો લાદી દીધો. તે વહુ આખો

દિવસ કામકાજમાંથી નવરી જ ન પડે અને રાતે અત્યંત થાકીને પથારીમાં પડતાની સાથે ઊંઘી જાય. આ રીતે પરદેશથી પતિ આવે ત્યાં સુધી તેની રક્ષા થઈ ગઈ. અહીં પણ પૂર્વની જેમ ઉપનય સમજવો.

एतत्समुद्रतरणं, बाहुभ्यां श्रोतसि प्रतिश्रोतः ।
गमनं सिकताकवलस्य चर्वणं शिखिशिखापानम् ॥२२।

**પ્રવ્રજ્યા એટલે બે હાથોથી દરિયો તરવો, પ્રવ્રજ્યા એટલે નદીના વહેણની સામે થઈને તરવું, પ્રવ્રજ્યા એટલે રેતીના કોળિયાને ચાવવું, પ્રવ્રજ્યા એટલે અગ્નિની જ્વાળાનું પાન કરવું. ॥૨૨॥**

मेरोस्तुलया तोलन-मिदं तु निशितखड्गधारायाम् ।
चङ्क्रमणं शत्रुबले, युद्धं चैकाकिनश्चैतत् ॥२३॥

**આ તો વજન કાંટો લઈને મેરુ પર્વતનું વજન કરવા સમાન છે, ધારદાર તલવારની ધાર પર ચાલવા બરાબર છે, શત્રુના સૈન્ય સાથે એકલપંડે યુદ્ધ કરવા બરાબર છે. ॥૨૩॥**

ग्राह्या च जयपताका, राधावेधं विधाय नन्वेषा ।
इत्यादिभिरुपमानैः, सुदुष्करा भवति जिनदीक्षा ॥२४॥

**આ તો રાધાવેધ કરીને જયપતાકાનું ગ્રહણ કરવા બરાબર છે. વગેરે ઉપમાનોથી જિનદીક્ષા અત્યંત દુષ્કર છે. ॥૨૪॥**



**अथवेयं प्रव्रज्या, सुदुष्करा भवति कातरनराणाम् ।
वीराणां मोक्षसुखा-भिलाषिणां हन्त सुकरैव ॥२५॥**

**અથવા તો આ પ્રવ્રજ્યા કાયર પુરુષોને માટે જ અત્યંત દુષ્કર છે. બાકી જેઓ વીર છે, અને મોક્ષ સુખના અભિલાષી છે, તેમના માટે તો આ સુકર (સરળતાથી પાળી શકાય તેવી) જ છે. ॥૨૫॥**

अपरं च सर्वमपि धर्मकृत्यमिह भावतः कृतं सफलम् ।
स्यादिति भावविशुद्ध्या, परिपाल्याऽसौ सदा भद्रैः ॥२६॥

**બીજી વસ્તુ એ છે કે બધું ય ધર્માનુષ્ઠાન ભાવથી કરેલું હોય, તો જ સફળ થાય છે. માટે ભદ્રિક જનોએ હંમેશા ભાવવિશુદ્ધિ સાથે દીક્ષાનું પાલન કરવું જોઈએ. ॥૨૬॥**

इति दीक्षाविधिमेनं, यो भव्यजनः करोति भावेन ।
स भवेत्परमान्द-सूरिः सज्ज्ञानचारित्रः ॥२७॥

**આમ આ દીક્ષાવિધિને જે ભવ્ય લોક ભાવથી કરે છે, તે સમ્યક્ જ્ઞાન- ચારિત્રથી યુક્ત જીવ પરમાનંદનો આચાર્ય (= નાયક - સ્વામી) થાય છે. ॥૨૭॥**

(પ્રસ્તુત કુલકના કર્તાએ 'પરમાનંદસૂરિ' આ શબ્દો દ્વારા પોતાનો નામોલ્લેખ કર્યો હોય, એ સંભવિત છે.)

**अथ तस्मिन्नेव भवे, भवान्तरे वा मनुष्यसम्बद्धे ।**
**हत्वा मोहं लब्ध्वा, च केवलं शिवपदं लभते ॥२८॥**

પછી તે જ ભવમાં અથવા તો મનુષ્યભવ સંબદ્ધ એવા બીજા ભવમાં, (બીજી વાર મનુષ્યભવ લઈને) મોહને હણીને, કેવળજ્ઞાનને પામીને, તે મોક્ષપદ પામે છે. ॥૨૮॥

इति प्रव्रज्याविधानं समाप्तम्

આ રીતે પ્રવ્રજ્યાવિધાન સમાપ્ત થયું.

જિનાજ્ઞાવિરુદ્ધ આલેખન થયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.
કૃપા કરીને બહુશ્રુતો સંશોધન કરે.

ઇતિ

**ચરમ તીર્થપતિ કરુણાસાગર શ્રી મહાવીરસ્વામિ શાસને પ્રગટપ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પુણ્ય સાન્નિધ્યે શ્રી શંખેશ્વરતીર્થે વિ. સં. ૨૦૬૬ ચૈત્રી પૂનમે તપાગચ્છીય આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન આચાર્ય શ્રી વિજયકલ્યાણબોધિસૂરિ સંસ્તુત પ્રવ્રજ્યાવિધાનપ્રકરણ પર ગુર્જરવૃત્તિ તથા પ્રવ્રજ્યાવિધાનકુલક પર ગુર્જરાનુવાદરૂપ પ્રવ્રજ્યોપનિષદ્**

अथ श्रीमल्लिषेणाचार्यविहितः

# सज्जनचित्तवल्लभः

**नत्वा वीरजिनं जगत्त्रयगुरुं मुक्तिश्रियो वल्लभं,**
**पुष्पेषुक्षयनीतबाणनिवहं संसारदुःखापहम् ।**
**वक्ष्ये भव्यजनप्रबोधजननं ग्रन्थं समासादहं,**
**नाम्ना सज्जनचित्तवल्लभमिमं शृण्वन्तु सन्तो जनाः ॥१॥**

જે ત્રણ જગતના ગુરુ છે, મુક્તિલક્ષ્મીના વલ્લભ છે, જેમણે કામદેવના બાણોનો ક્ષય કર્યો છે, જેઓ સંસારદુઃખને દૂર કરનારા છે, એવા શ્રી વીરજિનેશ્વરને નમસ્કાર કરીને હું આ સજ્જનચિત્તવલ્લભ નામના ગ્રંથને સંક્ષેપથી કહીશ. આ ગ્રંથ ભવ્ય જીવોને પ્રબોધ કરનારો છે. તેને સજ્જનો સાંભળે.

**रात्रिश्चन्द्रमसा विनाब्जनिवहैर्नो भाति पद्माकरो,**
**यद्वत्पण्डितलोकवर्ज्जितसभा दन्तीव दन्तं विना ।**
**पुष्पं गन्धविवर्ज्जितं मृतपतिः स्त्री चेह तद्वन्मुनिः,**
**चारित्रेण विना न भाति सततं यद्यप्यसौ शास्त्रवान् ॥२॥**

રાત ચંદ્ર વિના નથી શોભતી, પદ્મસરોવર કમળોના સમૂહ વિના નથી શોભતું, સભા પંડિતજન વિના નથી શોભતી, હાથી દાંત વિના નથી શોભતો, ફૂલ સુગંધ વિના નથી શોભતું, જેનો પતિ મરી ગયો છે,

તેવી સ્ત્રી નથી શોભતી, તે જ રીતે મુનિ વિદ્વાન હોય, તો ય એ ચારિત્ર વિના નથી શોભતો.

**किं वस्त्रत्यजनेन भो मुनिरसावेतावता जायते ?,**
**क्ष्वेडेन च्युतपन्नगो गतविषः किं जातवान् भूतले ? ।**
**मूलं किं तपसः क्षमेन्द्रियजयः सत्यं सदाचारता,**
**रागादींश्च बिभर्ति चेन्न स यतिर्लिङ्गी भवेत्केवलम् ॥३॥**

માત્ર વસ્ત્રનો ત્યાગ કરી દે, (શ્વેતાંબર મતે વસ્ત્ર બદલી દે) એટલા માત્રથી શું એ મુનિ બની જાય ? શું ધરતીમાં કોઈ એવો સર્પ થયો છે ? કે જે કાંચળી છોડવા માત્રથી નિર્વિષ થયો હોય. તપનું મૂળ શું છે ? - ક્ષમા, ઈન્દ્રિયજય, સત્ય અને સદાચારતા છે. જો એ રાગાદિને ધારણ કરે છે, તો એ યતિ નથી, એ કેવળ વેષધારી છે.

**किं दीक्षाग्रहणेन भो यदि धनाकाङ्क्षा भवेच्चेतसि ?,**
**किं गार्हस्थ्यमनेन वेषधरणेनासुन्दरं मन्यसे ? ।**
**द्रव्योपार्जनचित्तमेव कथयत्यभ्यन्तरस्थाङ्गजं,**
**नो चेदर्थपरिग्रहग्रहमतिर्भिक्षोर्न सम्पद्यते ॥४॥**

જો મનમાં ધનની આકાંક્ષા હોય, તો દીક્ષા લેવાનું શું કામ છે ? શું તને એવું લાગે છે કે આવા વેષધારીપણા કરતાં સદ્‌ગૃહસ્થપણું ખરાબ છે ? તને ધન કમાવાનું મન





થાય છે એ જ તારી અંદર રહેલી વાસનાને છતી કરી દે છે. જો વાસના ન હોય તો સાધુને ધનનો પરિગ્રહ કરવાનું મન જ ન થાય.

**योषापण्डकगोविवर्जितपदे सन्तिष्ठ भिक्षो ! सदा,**
**भुक्ता(क्त्वा)हारमकारितं परगृहे लब्धं यथासम्भवम् ! ।**
**षड्धावश्यकसत्क्रियासु निरतो धर्मादिरागं वहन्,**
**सार्द्धं योगिभिरात्मपावनपरै रत्नत्रयालङ्कृतैः ॥५॥**

મુનિ ! તું હંમેશા સ્ત્રી, નપુંસક અને પશુથી રહિત સ્થાનમાં રહેજે. પોતાના માટે નહીં બનાવડાવેલ બીજાના ઘરે સંભાવનાનુસાર મળેલ આહારને વાપરીને છ પ્રકારના આવશ્યક અનુષ્ઠાનમાં નિરત થઈને ધર્માદિમાં રાગને ધારણ કરતો (આદિથી ધર્મના દાનાદિ અનેક ભેદોનો સમાવેશ કર્યો છે.) આત્માને શુદ્ધ કરવામાં તત્પર, રત્નત્રયીથી વિભૂષિત એવા યોગીઓની સાથે રહે.

**दुर्गन्धं वदनं वपुर्मलगृहं भिक्षाटनाद्भोजनम्,**
**शय्यास्थण्डिलभूमिषु प्रतिदिनं कट्यां न ते कर्पटम् ।**
**मुण्डं मुण्डितमर्द्धदग्धशबवत्त्वं दृश्यसे भो जनैः,**
**साधोऽद्याप्यबलाजनस्य भवतो गोष्ठी कथं रोचते ? ॥६॥**

મોઢું દુર્ગંધી છે. શરીર મલનું નિવાસસ્થાન છે.

ભોજન ભિક્ષાટનથી કરવાનું છે. મકાનમાં કે સ્થંડિલભૂમિ જતા પણ તારા કટિસ્થાને કપડું નથી હોતું. (આ વાત દિગંબર મુનિને અનુલક્ષીને કરી છે, જે અચેલકલ્પના તાત્પર્યને અનુસારે શ્વેતાંબરમુનિને ય ઘટી શકે છે.) તારું માથું મુંડેલું છે. લોકો અડધા બળેલા મડદાની જેવા તને જુએ છે. ઓ સાધુ ! તારી સ્થિતિ આવી છે, તો ય હજી પણ તને સ્ત્રીસંબંધી વાતો કેમ ગમે છે ?

આશય એ છે કે તે જે રસ્તો પકડ્યો છે, એ રસ્તે સ્ત્રીનું નામ પણ લેવાય એમ નથી. અન્યથા તું નિંદાપાત્ર તો થઈશ જ, હાંસીપાત્ર પણ થઈશ.

**अङ्गं शोणितशुक्रसम्भवमिदं मेदोस्थिमज्जाकुलं,**
**बाह्ये माक्षिकपत्रसन्निभमहो चर्मावृतं सर्वतः ।**
**नो चेत्काकवृकादिभिर्वपुरहो जायेत भक्ष्यं ध्रुवम्,**
**दृष्ट्वाद्यापि शरीरसद्मनि कथं निर्वेदना नास्ति ते ? ॥७॥**

આ શરીર રુધિર અને શુક્રથી ઉત્પન્ન થયું છે. તે ચરબી, હાડકા અને મજ્જાથી ભરેલું છે. બહારના ભાગમાં સર્વ બાજુએ માખીની પાંખ જેવી પાતળી ચામડીના આવરણથી ઢંકાયેલું છે. જો આ આવરણ ન હોય, તો આ શરીર નક્કી કાગડા ને વરુઓનું ભોજન





બની જાય. આ બધું જોયા પછી પણ તને આ શરીર પ્રત્યે વૈરાગ્ય કેમ નથી થતો ?

**स्त्रीणां भावविलासविभ्रमगतिं दृष्ट्वानुरागं मनाक्,**
**मा गास्त्वं विषवृक्षपक्वफलवत्सुस्वादवन्त्यस्तदा ।**
**ईषत्सेवनमात्रतोऽपि मरणं पुंसां प्रयच्छन्ति भो,**
**तस्माद् दृष्टिविषाहिवत्परिहर त्वं दूरतोऽमृत्यवे ॥८॥**

સ્ત્રીઓના હાવ-ભાવ, વિલાસ-વિભ્રમ અને ગતિને જોઈને તું જરા પણ અનુરાગ નહીં કરતો. સ્ત્રીઓ તો ઝેરી વૃક્ષના પાકેલા ફળની જેમ તે સમયે સુખ આપે છે. પણ તેનું થોડું પણ સેવન કરાય, તો ય તે પુરુષોને મરણ આપે છે. માટે જો તને મોક્ષની ઈચ્છા હોય, તો દૃષ્ટિવિષ સાપની જેમ સ્ત્રીઓનો દૂરથી ત્યાગ કરી દે.

**यद्यद्वाञ्छसि तत्तदेव वपुषे दत्तं सुपुष्टं त्वया,**
**सार्द्धं नैति तथापि ते जडमते ! मित्रादयो यान्ति किम् ?।**
**पुण्यं पापमिति द्वयं च भवतः पृष्ठेऽनुयायिष्यते,**
**तस्मात्त्वं न कृथा मनागपि महामोहं शरीरादिषु ॥९॥**

તું જે જે ઈચ્છે, તે તે શરીરને આપ્યું જ છે. એ રીતે તે તારા શરીરને ખૂબ પુષ્ટ કર્યું છે. ઓ જડબુદ્ધિ ! તો ય આ શરીર પરલોકમાં તારી સાથે આવવાનું નથી.

શું મિત્ર વગેરે કોઈની સાથે જાય છે ? (જેમ મિત્રો પોતાનાથી જુદા હોવાથી પરલોકમાં સાથે આવતા નથી. તેમ શરીર પણ પોતાનાથી જુદું જ છે, માટે તે પણ સાથે આવતું નથી.)

પુણ્ય અને પાપ આ બે તારી પાછળ આવશે. માટે તું શરીર વગેરે પર જરા પણ મહામોહ ન કરીશ.

**अष्टाविंशतिभेदमात्मनि पुरा संरोप्य साधो ! वृतं,**
**साक्षीकृत्य जिनान् गुरूनपि कियत्कालं त्वया पालितम् ।**
**भङ्क्तुं वाञ्छसि शीतवातविहतो भूत्वाधुना तद्व्रतं,**
**दारिद्र्योपहतः स्ववान्तमशनं भुङ्क्ते क्षुधार्त्तोऽपि किम्?।१०।**

મુનિ ! તે દેવ અને ગુરુની સાક્ષીએ પહેલા ૨૮ (?) ભેદવાળા સાધુધર્મનું તારા આત્મામાં આરોપણ કરીને તું શ્રમણ ધર્મને વર્યો. કેટલોક સમય સુધી તે એનું પાલન પણ કર્યું. હવે ઠંડા પવનથી વિઘાત પામીને તું એને ભાંગી નાખવા ઈચ્છે છે. કોઈ માણસ ગરીબાઈથી ગમે તેટલો ત્રાસી ગયો હોય, ભૂખથી ગમે તેટલો પીડાતો હોય, તો પણ તે પોતે વમન કરેલા ભોજનને ખાય ખરો ?





(અસંયમનો ત્યાગ કર્યા પછી તેનો ફરી સ્વીકાર કરવો એ વમન કરેલ વસ્તુને ફરી ખાવા જેવી જુગુપ્સનીય બાબત છે. માટે તે ઉચિત નથી.)

**सौख्यं वाञ्छसि किं त्वया गतभवे दानं तपो वा कृतं,**
**नो चेत्त्वं किमिहैवमेव लभसे लब्धं तदत्रागतम् ।**
**धान्यं किं लभते विनापि वपनं लोके कुटुम्बीजनो ?,**
**देहे कीटकभक्षितेक्षुसदृशे मोहं वृथा मा कृथाः ॥११॥**

તું સુખને તો ઈચ્છે છે, પણ તે પૂર્વભવમાં શું દાન કે તપ કર્યું છે ? જો નથી કર્યું તો શું તને એમ ને એમ ફોગટમાં અહીં સુખ મળી જશે ? શું લોકમાં પણ કુટુંબીજનો વાવણી વિના ધાન્ય મેળવી શકે ? ઓ મુનિ ! આ શરીર તો એવી શેરડી જેવું છે કે જેને કીડાઓએ ફોલી ખાધી છે. તેનો મોહ ફોગટ છે, તેને તું છોડી દે.

અર્થાત્ તારી સુખની સ્પૃહાનું કારણ છે શરીર પરનું મમત્વ, તેને તું છોડી દે.

**यत्काले लघुभाण्डमण्डितकरो भूत्वा परेषां गृहे,**
**भिक्षार्थं भ्रमसे तदापि भवतो मानापमानौ नहि ।**
**भिक्षो ! तापसवृत्तितः कदशनात्किं तप्स्यसेऽहर्निशं,**
**श्रेयोर्थं किल सह्यते मुनिवरैर्बाधा क्षुधाद्युद्भवा ॥१२॥**

જ્યારે તું નાનું વાસણ હાથમાં લઈને બીજાના ઘરે ભિક્ષા માટે ફરે છે, ત્યારે પણ તને માન-અપમાન નડતા નથી. તો હે મુનિ ! આ તાપસવૃત્તિથી જે જેવું-તેવું ભોજન મળે, એનાથી તું વ્યથિત કેમ થાય છે ? મુનિવરો કલ્યાણ માટે ભૂખ વગેરેથી થતી પીડાને સહન કરે છે.

**एकाकी विहरत्यनःस्थितबलिवर्दो यथा स्वेच्छया,**
**योषामध्यरतस्त्वमेवमपि भो ! त्यक्त्वात्मयूथं यते ! ।**
**तस्मिंश्चेदभिलाषता न भवतः किं भ्राम्यसि प्रत्यहम्,**
**मध्ये साधुजनस्य तिष्ठसि न किं कृत्वा सदाचारताम् ॥१३॥**

મુનિ ! જેમ ગાડામાં જોડેલો (?) બળદ સ્વચ્છંદતાથી એકલો ફરે છે, તેમ તું મુનિઓના ગણને છોડીને સ્ત્રીઓમાં આસક્ત થયો છે. જો તને સ્ત્રીઓની ઈચ્છા ન હોય, તો તું કેમ રોજ તેમના વચ્ચે ફરે છે ? અને સદાચારપણું કરીને મુનિજનની વચ્ચે કેમ રહેતો નથી ?

આશય એ છે કે જેને ચારિત્રની આરાધના કરવી છે, તેણે ગીતાર્થ ગુરુ અને ગુરુકુલવાસનું જ સેવન કરવું જોઈએ અને સ્ત્રીસંગનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ.





**क्रीतान्नं भवतो भवेत्कदशने रोषस्तदा श्लाघ्यते,**
**भिक्षायां यदवाप्यते यतिजनैस्तद्भूज्यते सादरात् ।**
**भिक्षो ! भाटकसद्मसन्निभतनोः पुष्टिं वृथा मा कृथाः,**
**पूर्णे किं दिवसावधौ क्षणमपि स्थातुं यमो दास्यति ॥१४॥**

તને તુચ્છ ભોજન મળે ત્યારે તને ગુસ્સો આવે છે, પણ એ ગુસ્સો ત્યારે જ શોભે કે જ્યારે તે એ ભોજન ખરીદેલું હોય. આ તો ભિક્ષામાં મળ્યું છે. એમાં તો જે મળે તેને સાધુઓ આદરપૂર્વક વાપરી લે. ઓ મુનિ ! આ શરીર તો ભાડાના ઘર જેવું છે. તેની ફોગટની પુષ્ટિ ન કર. તારા દિવસોની અવધિ પૂરી થઈ જશે, પછી યમરાજ તને શું આ ઘરમાં એક દિવસ પણ રહેવા દેશે ખરો ?

ધરમની ગાયના દાંત ન જોવાય. આ કહેવત એમ કહે છે કે સાધુએ પ્રતિકૂળતા-અગવડ-ઓછી સગવડ આદિની ફરિયાદ કરવી ઉચિત નથી. ધાર્મિક દૃષ્ટિએ પણ નહીં અને વ્યવહારુ દૃષ્ટિએ પણ નહીં.

**लब्धान्नं यदि धर्मदानविषये दातुं न यैः शक्यते,**
**दारिद्रोपहतास्तथापि विषयाशक्तिं न मुञ्चति ये ।**
**धृत्वा ये चरणं जिनेन्द्रगदितं तस्मिन् सदाऽनादरा-**
**स्तेषां जन्म निरर्थकं गतमजाकण्ठे स्तनाकारवत् ॥१५॥**

જેઓ મળેલા અન્નને ધર્મદાનના વિષયમાં દેવા સમર્થ થતા નથી, જેઓ દારિદ્રયથી હણાયેલા હોવા છતાં પણ વિષયાસક્તિને છોડતા નથી, જેઓ ભગવાને કહેલા ચારિત્રનું ગ્રહણ કરીને તેમાં હંમેશા આદરવાળા થતા નથી, તેમનો જન્મારો બકરીના ગળાના સ્તનની જેમ નિરર્થક ગયો છે.

જેમ બકરીના ગળાના ભાગમાં રહેલું સ્તન દૂધ આપતું ન હોવાથી ફોગત છે, તેમ દાન, વૈરાગ્ય અને ચારિત્રના પરિપાલન રૂપ ફળથી રહિત હોવાથી તેમનો જન્મ પણ ફોગટ છે.

**दुर्गन्धं नवभिर्वपुः प्रवहति द्वारैरिमैः (?) सन्ततं,**
**सन्दृष्ट्वापि हि यस्य चेतसि पुनर्निर्वेदता नास्ति चेत् ।**
**तस्माद्यद्भुवि वस्तु कीदृशमहो तत्कारणं कथ्यते,**
**श्रीखण्डादिभिरङ्गसंस्कृतिरियं व्याख्याति दुर्गन्धताम् ॥१६॥**

શરીર આ નવ દ્વારોથી સતત અશુચિ વહાવે છે. તેને જોઈને પણ જેને મનમાં વૈરાગ્ય જાગતો નથી, તો પછી ધરતી પર એવી કઈ વસ્તુ હશે, કે જે એના વૈરાગ્યનું કારણ થશે ? અરે, આ ચંદન વગેરેથી શરીર પર વિલેપન કરે છે ને ? એ જ બતાવી આપે છે કે આ શરીર વાસ્તવમાં દુર્ગંધી છે.





જો શરીર દુર્ગંધી ન હોત, તો તેને સુગંધિત કરવાની જરૂર જ ન પડત.

**शोचन्ति न मृतं कदापि वनिता यद्यस्ति गेहे धनं,**
**तच्चेन्नास्ति रुदन्ति जीवनधिया स्मृत्वा पुनः प्रत्यहम् ।**
**कृत्वा तद्दहनक्रियां निजनिजव्यापारचिन्ताकुला-**
**स्तन्नामापि च विस्मरन्ति कतिभिः संवत्सरैर्योषितः ॥१७॥**

જો ઘરમાં ધન હોય, તો સ્ત્રી પતિના મરણનો શોક કરતી નથી અને જો ધન ન હોય, તો 'પોતે શી રીતે જીવશે ?' એવા વિચારથી રોજ તેને યાદ કરીને રડે છે. સ્ત્રીઓ પતિનો અગ્નિસંસ્કાર થઈ જાય પછી પોતપોતાની પ્રવૃત્તિની ચિંતામાં વ્યગ્ર થઈને કેટલાક વર્ષોમાં તો પતિનું નામ પણ ભૂલી જાય છે.

**अन्येषां मरणं भवानगणयन् स्वस्यामरत्वं सदा,**
**देहिँश्चिन्तयसीन्द्रियद्विपवशो भूत्वा परिभ्राम्यसि ।**
**अद्य श्वः पुनरागमिष्यति यमो न ज्ञायते तत्त्वतः,**
**तस्मादात्महितं कुरु त्वमचिराद्धर्मं जिनेन्द्रोदितम् ॥१८॥**

હે જીવ ! તું બીજાના મરણને ગણકારતો નથી, અને પોતાની અમરતાનો હંમેશા વિચાર કરે છે. (મારું મરણ ન થાય તો સારું એવો વિચાર કરે છે.) ઈન્દ્રિયરૂપી

હાથીને વશ થઈને ફરે છે. યમરાજ આજે કે કાલે આવશે, એ નિશ્ચિતપણે જણાતું નથી. માટે તું આત્મહિતકારક એવા જિનેશ્વર કથિત ધર્મનું જલ્દીથી આચરણ કરી લે.

**देहे निर्ममता गुरौ विनयता नित्यं श्रुताभ्यासता,**
**चारित्रोज्ज्वलता महोपशमता संसारनिर्वेदता ।**
**अन्तर्बाह्यपरिग्रहत्यजनता धर्मज्ञता साधुता,**
**साधो ! साधुजनस्य लक्षणमिदं संसारविच्छेदनम् ॥१९॥**

શરીર પ્રત્યે નિર્મમપણું, ગુરુ પ્રત્યે વિનયપણું હંમેશા શ્રુતાભ્યાસપણું, ચારિત્રનું ઉજ્જવળપણું, મહાઉપશમપણું, સંસાર પ્રત્યે નિર્વેદપણું, આંતર અને બાહ્ય પરિગ્રહના ત્યાગપણું, ધર્મજ્ઞપણું અને સાધુપણું... મુનિ ! આ છે મુનિજનનું લક્ષણ કે જે સંસારનો વિચ્છેદ કરે છે.

**लब्ध्वा मानुषजातिमुत्तमकुलं रूपं च नीरोगतां,**
**बुद्धिं धीधनसेवनं सुचरणं श्रीमज्जिनेन्द्रोदितम् ।**
**लोभार्थं वसुपूर्णहेतुभिरलं स्तोकाय सौख्याय भो,**
**देहिन्! देहसुपोतकं गुणभृतं भङ्क्तुं किमिच्छास्ति ते? ।२०।**

મનુષ્યજન્મ, ઉત્તમકુળ, રૂપ, નીરોગીપણું, બુદ્ધિ, મતિમાનની સેવા, શ્રી જિનેશ્વરે કહેલું સમ્યક્ચારિત્ર, આ બધું મેળવીને લોભ માટે ધન ભેગુ કરવાના કારણોનું





તારે શું કામ છે ? ઓ જીવ ! આ શરીર તો ભવસાગરને તરી જવા માટે સારી નાવડીનું કામ આપી શકે તેમ છે, થોડા સુખ માટે શું એને ભાંગી નાખવાની તારી ઈચ્છા છે ?

**वैतालाकृतिमर्द्धदग्धमृतकं दृष्ट्वा भवन्तं यते !,**
**यासां नास्ति भयं त्वया सममहो जल्पन्ति प्रत्युत्तरम् ।**
**राक्षस्यो भुवि नो भवन्ति वनिता मामागता भक्षितुं,**
**मत्वैवं प्रपलायतां मृतिभयात् त्वं तत्र मा स्थाः क्षणम्॥२१॥**

મુનિ ! તારી આકૃતિ વેતાળ જેવી છે. અડધા બળેલા શબ જેવા તને જોઈને જે સ્ત્રીઓ ગભરાતી નથી, તે જ સ્ત્રીઓ તારી સાથે વાત કરે છે. આવી નિર્ભય સ્ત્રીઓ તો રાક્ષસીઓ જ ન કહેવાય ? તું સમજી લે કે, "એ રાક્ષસીઓ મને ખાઈ જવા માટે આવી છે." એમ સમજીને તું ત્યાંથી ભાગી છૂટ. એક ક્ષણ માટે પણ ત્યાં રહીશ નહીં.

**मा गास्त्वं युवतीगृहेषु सततं विश्वासतां संशयो,**
**विश्वासे जनवाच्यता भवति ते न स्यात्पुमर्थं ततः ।**
**स्वाध्यायानुरतो गुरूक्तवचनं चित्ते समारोपयन्,**
**तिष्ठ त्वं विकृतिं पुनर्व्रजसि चेद्यासि त्वमेव क्षयम् ॥२२॥**

તું સ્ત્રીઓના ઘર પર સતત વિશ્વાસ નહીં રાખ. જો વિશ્વાસ રાખીશ (નિર્ભયપણે તેમના ઘરે બેસીશ, આવ-જા કરીશ), તો લોકો તારા પર શંકા કરશે, તું લોકનિંદા પામીશ અને તેનાથી તારું કોઈ પ્રયોજન સરવાનું નથી. એ બધી જંજાળોને છોડીને તું સ્વાધ્યાયમાં લીન થઈ જા, ગુર્વાજ્ઞાને તારા મનમાં ઠસાવી દે. જો તું વિકાર પામીશ, તો તેનાથી તારો જ ક્ષય થશે.

**किं संस्कारशतेन विट् जगति भो कश्मीरजं जायते,**
**किं देहः शुचितां व्रजेदनुदिनं प्रक्षालनादञ्जसा ? ।**
**संस्कारो नखदन्तवक्त्रवपुषां साधो ! त्वया युज्यते,**
**नाकामी किल मण्डनप्रिय इति त्वं सार्थकं मा कृथाः॥२३॥**

શું સો સંસ્કારોથી પણ જગતમાં વિષ્ટા એ કેશર થઈ શકે ? રોજ સ્નાન કરવાથી પણ શું શરીર પવિત્ર થઈ શકે ? ઓ મુનિ ! તું નખ, દાંત, મોઢું અને શરીરનો સંસ્કાર કરે છે. મુનિ ! 'જે કામી છે, તેને જ શરીરને શણગારવામાં રતિ છે' આ વચનને તું સાર્થક ના કરીશ.

**आयुष्यं तव निद्रयार्द्धमपरं चायुस्त्रिभेदादहो,**
**बालत्वे जरया कियद्व्यसनतो यातीति देहिन् ! वृथा ।**
**निश्चित्यात्मनि मोहपाशमधुना सञ्छिद्य बोधासिना,**
**मुक्तिश्रीवनितावशीकरणसच्चारित्रमाराधय ॥२४॥**





જીવ ! તારું અડધું આયુષ્ય નિદ્રાથી પૂરું થઈ જાય છે, બીજું ત્રીજો ભાગ બાળપણમાં, ત્રીજો ભાગ ઘડપણમાં અને કેટલોક ભાગ વ્યસનમાં ફોગટ જતો રહે છે. હવે તું આત્મવિષયક નિશ્ચય કરીને જ્ઞાનરૂપી તલવારથી મોહરૂપી બંધનને છેદી નાખ અને મુક્તિસ્ત્રીના વશીકરણ રૂપ સમ્યક્ ચારિત્રની આરાધના કરી લે.

**वृत्तैर्विंशतिभिश्चतुर्भिरधिकैः सल्लक्षणेनान्वितं,**
**ग्रन्थं सज्जनचित्तवल्लभमिमं श्रीमल्लिषेणोदितम् ।**
**श्रुत्वात्मेन्द्रियकुञ्जरान्समटतो रुन्धन्तु ते दुर्ज्जयान्,**
**विद्वांसो विषयाटवीषु सततं संसारविच्छित्तये ॥२५॥**

આ સજ્જનચિત્તવલ્લભ નામનો ગ્રંથ છે, જે સારા લક્ષણવાળા ચોવીશ શ્લોકોથી યુક્ત છે અને જેના કર્તા છે શ્રી મલ્લિષેણ(સૂરિ?). એને સાંભળીને વિદ્વાનો સંસારનો છેદ કરવા માટે દુર્જય એવા ઈન્દ્રિયગજોને વિષયવનમાં ભટકતા અટકાવે.

**ઈતિ**
**શ્રીમલ્લિષેણાચાર્યસંદબ્ધ શ્રીકલ્યાણબોધિસૂરિઅનુવાદિત**
**સજ્જનચિત્તવલ્લભ**

• • •

# ...એનું ખૂબ જતન કરજો

– ગીતાર્થ ગચ્છાધિપતિ સિદ્ધાન્તદિવાકર પ.પૂ.આચાર્યદેવ
શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

(૧) ગુરુ પ્રત્યે ખૂબ સમર્પિત ભાવ કેળવવો. વધુને વધુ બહુમાન ઉભું કરવું. તે માટે સવારે ઉઠતાની સાથે (અ) સાત નવકાર ગણી (બ) સીમંધરસ્વામિ આઠ પ્રાતિહાર્યયુક્ત સમવસરણમાં બિરાજમાન છે, તેમ ચિંતવી પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા ભાવથી દેવી. પછી વીશ વિહરમાન પ્રભુને નામ યાદ કરી નમસ્કાર કરવા. ત્યાર પછી ગુરુના ઉપકારને યાદ કરી ભાવથી નમસ્કાર કરવો. દરેક કાર્યમાં ગુરુમહારાજની પ્રસન્નતા રહે તે સતત ધ્યાનમાં રાખી કરવું.

(૨) ગુરુમહારાજનો કર્કશ શબ્દોમાં પણ ઠપકો મળે તો પણ આનંદથી સહન કરવો. સામુ કદી બોલવું નહિ.

(૩) ગુરુમહારાજને પ્રતિકુળ થાય તેવું કે ચિંતા થાય તેવું વર્તન કદિ કરવું નહિ.





(૪) અરિહંત પરમાત્મા એ આપણા સર્વશ્રેષ્ઠ ઉપકારી છે. એમની ભક્તિનો મહિમા અપાર છે, માટે એમની ભક્તિમાં ખૂબ લીન બનવું. ચૈત્યવંદનભાષ્યમાં પ્રતિદિન બે વખત ઉત્કૃષ્ટ દેવવન્દન કરવાનું લખ્યું છે.

(૫) દરરોજ દિવસે ઓછામાં ઓછો ૪ થી ૬ કલાક સ્વાધ્યાય કરવો. વિશિષ્ટ વૈરાગ્ય વધે તેવા વ્યાખ્યાનો સાંભળવા સિવાય બીજા ચાલુ વ્યાખ્યાનોનો પણ હંમેશ માટે બહુ મોહ ન રાખવો. ન જ જવું એમ નહિ પણ અવારનવાર જવું.

(૬) રોજ રાત્રે પ્રતિક્રમણ પછી ઉનાળામાં ૧ કલાક, ચોમાસામાં ૧॥ કલાક અને શિયાળામાં ૨ કલાક ઓછામાં ઓછો સ્વાધ્યાય કરવો.

(૭) રોજ સવારે ઓછામાં ઓછુ ૧ થી ૧॥ કલાક બોલીને નવું ગોખવું અથવા જુનુ પાકું કરવું.

(૮) પ્રભાતનો કાળ મહત્વનો છે તેથી તે કાળમાં જ સારું જ્ઞાન વગેરે ઉપાર્જન થઈ શકે માટે તે સમય વધુને વધુ ઉપયોગમાં આવે ને નિરર્થક ન જાય તે માટે નવકારશીનાં પચ્ચક્ખાણમાં ન પડવું. બીજી

મોટી તપસ્યાઓ કરવી અને નવકારશી વારંવાર ખૂબ દિવસો કરવી પડે તેના કરતા મોટા તપ ઓછા થાય ને નવકારશીનો ત્યાગ થાય તેમ કરવું.

(૯) શક્તિ હોય તેણે સંસ્કૃતવાંચનની ટેવ પાડવી. ખૂબ ગ્રંથો વાંચવા.

(૧૦) પ્રકરણો, કર્મગ્રન્થ, ક્ષેત્રસમાસ, સંગ્રહણી વગેરે પદાર્થો તૈયાર કરી તેની ટીકાઓ વાંચવી.

(૧૧) ગોખવાની શક્તિવાળાએ (અ) ઉત્તરાધ્યયન (બ) આચારાંગ (ક) શાન્તસુધારસ (ડ) ઉપદેશમાળા (ઈ) જ્ઞાનસાર (ફ) પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રન્થ ગોખીને ક્રમશઃ પાઠ કરવો. પાઠ બને ત્યાં સુધી નાના અવાજે પણ બોલીને કરવો.

(૧૨) સંયમની કાળજી રાખવી. શક્ય હોય ત્યાં સુધી એકાસણાની ટેવ પાડવી કેમકે બપોરની ગોચરી મોટા ભાગે નિર્દોષ આવે છે ત્યારે સવાર-સાંજની સદોષની ઘણી સંભાવના છે.

(૧૩) સંયમમાં સૌથી મહત્વનું ચતુર્થવ્રત છે, માટે તેની મર્યાદાઓ ચુસ્તપણે પાળવી. સાધુ-સાધ્વીનો વ્યવહાર અત્યંત પરિમિત થવો જોઈએ. નાના





બાળક-બાળીકાઓને પણ બહુ પાસે બેસાડવા નહિ. વિજાતીયનો પરિચય, વાતચીતો કરવી ન જોઈએ. સૌથી વડીલ સિવાય બીજા સાધુઓએ સાધ્વીઓ જોડે કે સાધ્વીઓએ સાધુઓ જોડે વ્યવહાર ન કરવો.

(૧૪) પરસ્પર મૈત્રીભાવથી રહેવું જોઈએ. મૈત્રીભાવ, પ્રેમભાવ વધે તે માટે (૧) બને તેટલું બીજાનું કરી છુટવાની ટેવ રાખવી (૨) બીજાની સેવા બનતા સુધી ન લેવી (૩) વાતચિતોમાં એકબીજા પર આક્ષેપાત્મક કે ટીકાત્મક ભાષા બોલવી નહિ. (૪) બીજાની નિંદા કોઈપણ આગળ કરવી નહિ. (૫) **વડીલોએ નાના પ્રત્યે ખૂબ વાત્સલ્યભાવ અને પ્રેમભાવ રાખવો તથા નાનાઓએ વડીલો પ્રત્યે ખૂબ વિનયભાવ રાખવો.**

(૧૫) ઔદાર્ય, ગાંભીર્ય, દાક્ષિણ્યતા ગુણ ખાસ કેળવવો.

(૧૬) ક્ષુદ્રતા, તુચ્છતા વર્જવી એટલે કે નાની નાની વાતોમાં ખોટી પકડ કે આગ્રહ ન રાખવો.

(૧૭) ઈર્ષાભાવને સદંતર નાબુદ કરવો. કોઈની પણ વિશિષ્ટ આરાધના કે પુણ્ય જોઈને અનુમોદના કરવી.

(૧૮) વૈયાવચ્ચમાં પ્રમાદ કરવો નહિ.

(૧૯) ગુરુની ચિંતાને પોતાની ચિંતા તરીકે કરી લેવી. ગુરુની ચિંતા વખતે આપણામાં શક્તિ હોય ને તેમને ચિંતામુક્ત ન કરીએ તો હૃદય કઠોર બને છે. કઠોર હૃદયમાં સમકિત આદિ ગુણો સ્થિર થાતા નથી.

(૨૦) ઉપકારીના ઉપકારને કદી પણ ભૂલવો નહિ. દીક્ષાદાતા, જ્ઞાનદાતા કે કોઈએ આપણને ક્યારેય પણ સહાય કરી હોય, માંદગી વગેરેમાં આપણી વૈયાવચ્ચ કરી હોય, તેના ઉપકારને કદિ પણ ભૂલવો નહિ.

(૨૧) હંમેશ મૃદુ અને પ્રેમાળ વાણીનો ઉપયોગ કરવો. બીજા પ્રત્યે તિરસ્કાર કે કર્કશ વાણીનો પ્રયોગ ન કરવો.